અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:9, Issue: 212, Dt.20-06-2024 (Thursday)

Email ; saurashtrakranti@gmail.com

FOLLOW US!

saurashtrakranti
Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2024-26,VALID UP TO 31-12-2026 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

# રાજ્યના ૩૫ તાલુકાઓમાં વરસાદ નોંધાયો : વલસાડમાં ધોધમાર વરસાદ

## અંડરપાસમાં પાણી ભરાતાં વાહન ચાલકો પરેશાન

વલસાડ ગુજરાતમાં આ વર્ષે ચાર દિવસ વહેલું ચોમાસું પહોંચ્યું હતું. ૧૧ જૂને દક્ષિણ ગુજરાતથી ચોમાસાનું આગમન થયું હતું. પરંતુ, ચોમાસાના વિધિવત્ આગમનના નવ દિવસ બાદ પણ ચોમાસું હજી પણ દક્ષિણ ગુજરાતમાં જ અટવાયું છે. તો સૌરાષ્ટ્રમાં છૂટોછવાયો વરસાદ પડી રહ્યો છે, પરંતુ વરસાદી માહોલ બરાબર જામતો નથી. છેલ્લા ૨૪ કલાકની વાત કરીએ તો રાજ્યના ૩૫ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં ત્રણ ઇંચથી વધુ વરસાદ ખાબક્યો છે. તો છેલ્લા ૪ કલાકમાં એટલે કે સવારે ૬ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધીમાં રાજ્યના ૧૭ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વલસાડના કપરાડામાં દોઢ ઇંચ જેટલો વરસાદ ખાબક્યો છે.

ભારે વરસાદના કારણે વલસાડ શહેરના રોડ ઉપર વરસાદી પાણીનો ભરાવો થતા દુકાનદારોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. વહેલી સવારથી જ પાણી ભરાઇ જતાં દુકાન ખોલવામાં પણ તકલીફ પડી રહી છે. તો શહેરના નીચાણવાળા વિસ્તારો જેમ કે છીપવાડ રેલવે અંડરપાસ અને છીપવાડ દાણાબજારમાં વરસાદી પાણીનો ભરાવો થતાં વાહન ચાલકોને હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો છે.

આજે સવારે ૮ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધીમાં રાજ્યના ૯ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વલસાડ જિલ્લાના કપરાડા, વાપી અને ઉમરગામમાં અડધો ઇંચ જેટલો વરસાદ પડ્યો છે. આ સિવાય અન્ય તાલુકાઓમાં ૧ થી ૯ મિમી સુધીનો વરસાદ નોંધાયો છે.

આજે સવારે ૬ વાગ્યાથી ૮ વાગ્યા સુધીમાં રાજ્યના ૧૩ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ વલસાડ જિલ્લાના કપરાડામાં સવા ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. તો નર્મદા જિલ્લાના નાંદોદમાં અડધા ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. આ સિવાય અન્ય તાલુકાઓમાં ૧થી ૯ મિમી સુધીનો વરસાદ નોંધાયો હતો.

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૩૫ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ વલસાડના



ઉમરગામમાં ત્રણ ઇંચ, વલસાડ શહેરમાં પોણા ત્રણ ઇંચ, સુરતના પલસાણામાં દોઢ પોણા બે ઇંચ, નવસારી શહેરમાં દોઢ ઇંચ, વાપીમાં દોઢ ઇંચ, પારડીમાં દોઢ ઇંચ, ચીખલીમાં એક ઇંચ, ડાંગ-આહવામાં અડધો ઇંચ અને ભરૂચના વાલિયામાં અડધો ઇંચ વરસાદ પડ્યો હતો. આ સિવાય અન્ય તાલુકાઓમાં ૧થી ૯ મિમી સુધીનો વરસાદ નોંધાયો હતો.

આજે વહેલી સવારથી જ દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ જામ્યો. ક્યાંક હળવો તો ક્યાંક ધોધમાર વરસાદ પડી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં ત્રણ ઇંચથી વધુ વરસાદ ખાબક્યો છે. તો છેલ્લા ૨ કલાકમાં વલસાડ જિલ્લાના કપરાડામાં એક ઇંચથી વધુ વરસાદ પડ્યો છે. આ ઉપરાંત નવસારી જિલ્લામાં પણ વરસાદી માહોલ જામ્યો છે. તો ભરૂચ અને નર્મદા જિલ્લામાં પણ હળવો વરસાદ પડી રહ્યો છે.

હવામાન વિભાગ દ્વારા ગતરોજની આગાહી અનુસાર આજે દક્ષિણ ગુજરાતમાં ગાજવીજ સાથે મધ્યમ વરસાદની શક્યતાઓ છે. જ્યારે સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવા વરસાદની શક્યતાઓ છે. આ ઉપરાંત અરવલ્લી, મહીસાગર અને દાહોદમાં પણ છૂટાછવાયાં સ્થળો પર હળવો વરસાદ વરસી શકે છે. મધ્ય ગુજરાતની વાત કરવામાં આવે તો અમદાવાદ અને ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી વાદળછાયું વાતાવરણ રહેવાને કારણે તાપમાનમાં ઘટાડો આવ્યો છે. પરંતુ હ્યુમિડિટીમાં વધારો થતાં શહેરીજનોને બફારાનો અનુભવ થઈ રહ્યો છે. જે આગામી બે દિવસ યથાવત્ રહેવાની શક્યતાઓ છે.

રાજ્યમાં બુધવારે ૩૧ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં વલસાડના ઉમરગામમાં પોણા બે ઇંચ, સુરતના પલસાણામાં દોઢ ઇંચ, નવસારીમાં સવા ઇંચ, જલાલપોરમાં એક ઇંચ, વાપીમાં ૧૯ મિમી, પારડીમાં ૧૭ મિમી, ડાંગ-આહવામાં ૧૩ મિમી અને ઓલપાડમાં ૧૧ મિમી વરસાદ નોંધાયો હતો. આ સિવાય અન્ય તાલુકાઓમાં ૧થી ૧૦ મિમી સુધીનો વરસાદ નોંધાયો હતો.

રાજ્યમાં મંગળવારે ૩૪ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં જૂનાગઢના વિસાવદરમાં ૧ ઈંચ, વલસાડના ધરમપુરમાં ૧ ઈંચ, વલસાડના કપરાડામાં ૨૪ મિમી, સુરેન્દ્રનગરના થાનગઢમાં ૨૧ મિમી, ભરૂચના અંકલેશ્વરમાં ૧૯ મિમી, અમરેલીના રાજુલામાં ૧૬, નવસારીના ખેરગામમાં ૧૫ મિમી, વલસાડમાં ૧૨ મિમી, ભાવનગરના પાલિતાણામાં ૧૧ મિમી, વલસાડના ઉમરગામમાં ૧૧ મિમી, અમરેલીના કુકાવાવમાં ૧૦ મિમી અને બાબરામાં ૧૦ મિમી વરસાદ નોંધાયો હતો. આ સિવાય અન્ય તાલુકાઓમાં ૧થી ૯ મિમી સુધીનો વરસાદ નોંધાયો હતો.

# ગોંડલ-જસદણ હાઈવે પર અકસ્માતઃ ૨નાં મોત, ૫ ઈજાગ્રસ્ત

## ઈનોવા કાર ટ્રકને ઓવરટેક કરવા જતાં સામે આવતી કાર સાથે ધડાકાભેર અથડાઇ



ગોંડલ,તા.૨૦:
ગોંડલ-જસદણ હાઈવે પર અનેક નાના-મોટા અકસ્માતો સર્જાય છે. ત્યારે ફરી આજે વહેલી સવારે ઘોઘાવદર ગામ નજીક બે કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં એક મહિલા સહિત ૨નાં મોત નીપજ્યાં છે. જ્યારે ૫ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તને સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ અને નગરપાલિકાની એમ્બ્યુલન્સ મારફતે ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યારે મૃતકના મૃતદેહને પી.એમ અર્થે ગોંડલ અને જસદણ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. વહેલી સવારે ગોંડલ-જસદણ હાઈવે પર અકસ્માત થયાની જાણ થતાં ૪ જેટલી એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી હતી. એમ્બ્યુલન્સ દ્વારા ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. તેમજ સમગ્ર બનાવને લઈને શિવમ સાર્વજનિક ટ્રસ્ટના દિનેશ માધડ સહિતના સામાજિક કાર્યકરો હોસ્પિટલે દોડી આવ્યા હતા.

ગોંડલ તાલુકાના ઘોઘાવદર ગામ નજીક ઈનોવા કાર અને ટ્રીબર કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ઈનોવા કાર જસદણથી કોડીનાર જતી હતી, ત્યારે ઈનોવા કારચાલક ટ્રકનો ઓવરટેક કરવા જતાં ગોંડલ તરફથી સામે આવતી ટ્રાઈબર કાર સામે અથડાઇ હતી. બંને કાર વચ્ચે સામસામે જોરદાર ટક્કરને લીધે બંને કાર પલટી મારી જવા પામી હતી. ઈનોવા કારમાં પાંચ લોકો સવાર હતા. જેમાં GJ.03 HA.1117 નંબરની ઈનોવા કારચાલકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું અને ઈનોવા કારમાં સવાર મહિલાનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું.

ગોંડલ તરફથી આવતી GJ.03 ML. 8781 નંબર ટ્રાઈબર કારમાં સવાર પરેશ જેન્તી ડાંગર (ઉ.વ.૨૫) અને તેજસ રવજીભાઈ પાનસુરિયા (ઉ.વ.૨૫)ને ઈજા થતાં ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતના બનાવને લઈને ૪ જેટલી એમ્બ્યુલન્સ ઘટના સ્થળે ઘોઘાવદર નજીક બે કાર વચ્ચે ગોઝારો અકસ્માત વહેલી સવારે થયો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સના પાઇલટ પ્રતાપભાઈ અને EMT કાનજીભાઈને સવારે સવા છ વાગ્યાની આસપાસ અકસ્માતનો કોલ આવ્યો હતો. જેમાં બે ૧૦૮ એમ્બ્યુલન્સ, ૨ નગરપાલિકાની એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી હતી. જ્યારે શિવમ સાર્વજનિક ટ્રસ્ટના દિનેશ માધડ, નગરપાલિકા ફાયર સ્ટાફ, સામાજિક કાર્યકરો સહિતના સિવિલ હોસ્પિટલમાં પહોંચ્યા હતા. અકસ્માતના સમગ્ર બનાવને લઈને ગોંડલ તાલુકા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી.

# ચાંદીમાં જોરદાર તેજી



નવી દિલ્હી,તા.૨૦:
સોના અને ચાંદીના ભાવમાં ગુરુવારે વધારો નોંધવામાં આવ્યો છે, આ પહેલા બુધવારે બંને ધાતુના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. ૨૦ જૂને સોનું ૭૨,૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની આસપાસ ટ્રેડ થઈ રહ્યું છે, જ્યારે ચાંદીમાં ૧,૨૦૦ રૂપિયાનો વધારો નોંધવામાં આવ્યો છે. ચાલો જાણીએ આજે સોના અને ચાંદીની નવીનતમ કિંમત શું છે. ગુરુવારે, મલ્ટી કોમોડિટી એક્સચેન્જ એટલે કે MCX પર, ૫ ઓગસ્ટે ભાવિ ડિલિવરી સાથે સોનું રૂ. ૭૧,૮૮૦ પ્રતિ ૧૦ ગ્રામના દરે ટ્રેડ થઈ રહ્યું છે, જ્યારે ૫ ઓક્ટોબરે ભાવિ ડિલિવરી સાથેનું સોનું રૂ. ૭૨,૧૪૩ના દરે ટ્રેડ થઈ રહ્યું છે.

આ પહેલા બુધવારે, ૫ ઓગસ્ટે ભાવિ ડિલિવરી માટે સોનું ૭૧૭૩૨ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના દરે બંધ થયું હતું, જ્યારે ૫ ઓક્ટોબરે ભાવિ ડિલિવરી માટે સોનું ૭૨૦૨૭ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના દરે બંધ થયું હતું. યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કોઈ ફેરફાર ન કર્યા બાદ ગયા સપ્તાહે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો નોંધાયો હતો. જો કે આજે સોનાની કિંમતમાં વધારો જોવા મળ્યો છે.

ચાંદીની વાત કરીએ તો આજે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ખઈડ પર ચાંદીની કિંમતમાં લગભગ ૧૧૦૦ રૂપિયાનો વધારો થયો છે. MCX પર, ૫ જુલાઈએ ભાવિ ડિલિવરી માટે ચાંદી રૂ. ૯૦૫૮૫ પ્રતિ કિલોના ભાવે ટ્રેડ થઈ રહી છે, જ્યારે ૫ સપ્ટેમ્બરે ભાવિ ડિલિવરી માટે ચાંદી રૂ. ૯૨૭૮૬ પ્રતિ કિલોના ભાવે ટ્રેડ થઈ રહી છે. આ સિવાય ૫ ડિસેમ્બરે ભાવિ ડિલિવરી માટે ચાંદી ૯૫૧૮૫ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ટ્રેડ થઈ રહી છે.

આ પહેલા બુધવારે ૫ જુલાઈએ ભાવિ ડિલિવરી માટે ચાંદી રૂ. ૮૯૪૭૫ પ્રતિ કિલોગ્રામ પર બંધ થઈ હતી, જ્યારે ૫ સપ્ટેમ્બરે ભાવિ ડિલિવરી માટે ચાંદી રૂ. ૯૧૫૩૯ પ્રતિ કિલોગ્રામ પર બંધ થઈ હતી. આ સિવાય ૫ ડિસેમ્બરે ભાવિ ડિલિવરી માટે ચાંદી રૂ. ૯૩૯૨૯ પ્રતિ કિલોગ્રામ પર બંધ થઈ હતી

આ ઉપરાંત, ૦૧૨૬ જીએમટી સુધીમાં, યુએસ કોમોડિટી માર્કેટમાં સ્પોટ ગોલ્ડ ૦.૨ ટકા વધીને ૨,૩૩૧.૩૮ પ્રતિ ઔંસ થયું હતું, જ્યારે યુએસ ગોલ્ડ ફ્યુચર્સ ૦.૧ ટકા ઘટીને ૨,૩૪૫.૦૦ થયું હતું. દરમિયાન, હાજર ચાંદી ૦.૫% વધીને ૨૯.૯૧ પ્રતિ ઔંસ, પ્લેટિનમ ૦.૨% ઘટીને ૯૭૮.૪૨ અને પેલેડિયમ ૦.૨% ઘટીને ૯૦૩.૨૫ પર આવી ગયું. તાજેતરના ડેટા દર્શાવે છે કે શ્રમ બજાર અને ભાવનું દબાણ હળવું થયું છે અને યુએસ ફેડરલ રિઝર્વ આગામી દિવસોમાં ફુગાવો હળવો થશે તેની પુષ્ટિ કરે તેવી શક્યતા છે.

ગુજરાત સરકારનો કેબિનેટમાં નિર્ણય

# ત્રણ મહિનામાં ૭૫૦૦ શિક્ષકોની કાયમી ભરતી કરાશે



ગાંધીનગર,તા.૨૦
ગુજરાતની સરકારી-ગ્રાન્ટેડ સ્કૂલોમાં શિક્ષકોની હજાર જગ્યાઓ ખાલી છે ત્યારે સરકારે કાયમી ભરતી કરવાને બદલે ગત વર્ષે જ્ઞાન સહાયકની યોજના લાગુ કરીને ૧૧ માસ માટે કરાર આધારીત શિક્ષકોની ભરતી કરતા રાજ્યભરમાં ઉગ્ર વિરોધ સાથે રોષ ભભૂકી ઉઠ્યો હતો.

આ દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઐતિહાસિક નિર્ણય કર્યો છે. જે મુજબમાં રાજ્યમાં આગામી ત્રણ મહિનામાં ૭૫૦૦ જેટલા **TAT Secondary** અને **TAT higher Secondary** પાસ ઉમેદવારોની કાયમી ભરતી કરાશે તેમ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું.

**TET-1** અને **TET-2** ઉમેદવારોની પણ ભરતી પ્રક્રિયા હાથ ટૂંક સમયમાં હાથ ધરાશે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે મળેલી કેબિનેટ બેઠકમાં થયેલ ચર્ચા સંદર્ભે પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે, રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સરકારી અને ગ્રાન્ટ-ઇન-એડ શાળાઓમાં આગામી ત્રણ મહિનામાં ૭,૫૦૦ જેટલા શિક્ષકોની કાયમી ભરતી કરાશે.

રાજ્યની ગ્રાન્ટ-ઇન-એડ શાળાઓમાં **TAT-Secondary** અને **TAT- Higher Secondary** પાસ ઉમેદવારોની યોગ્યતાના આધારે કસોટી પ્રમાણે કાયમી ભરતી કરાશે. **TET-1** અને **TET-2** ઉમેદવારોની પણ ભરતી પ્રક્રિયા હાથ ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે.

રાજ્યમાં છેલ્લા ૧૦ વર્ષમાં કેટલા શિક્ષકોની કાયમી ભરતી કરવામાં આવી.

વધુ વિગતો આપતા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, માધ્યમિક એટલે કે ધોરણ ૯ અને ધોરણ ૧૦ની સરકારી શાળામાં કુલ ૫૦૦ અને ગ્રાન્ટ-ઇન-એડ શાળામાં ૩,૦૦૦ એમ કુલ ૩૫૦૦ **TAT-1** પાસ થયેલા ઉમેદવારોની ભરતી કરાશે. જ્યારે ઉચ્ચર માધ્યમિક એટલે કે ધોરણ ૧૧ અને ધોરણ ૧૨માં સરકારી શાળામાં ૭૫૦ અને ગ્રાન્ટ -ઇન - એડ શાળામાં ૩૨૫૦ એમ મળીને **TAT-2** ના કુલ ૪૦૦૦ જેટલા ઉમેદવારોની ભરતી કરાશે.

મંત્રીએ વધુમા કહ્યું કે, તાજેતરમાં ૧૫૦૦ જેટલા **HMAT** પ્રિન્સીપાલની ભરતી રાજ્યની ગ્રાન્ટ ઇન એડ શાળાઓમાં કરવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે, રાજ્યમાં છેલ્લા ૧૦ વર્ષમાં કુલ ૧૮,૩૮૨ જેટલા શિક્ષકોની કાયમી ભરતી કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે,૧૮મી જૂનના રોજ **TET-TAT**ના પાસ ઉમેદવારો ગાંધીનગર ખાતે આવેલા પથિકાશ્રમ પાસે એકઠા થયા હતા અને આંદોલન શરૂઆત કરી હતી. જેને પગલે પોલીસ એક્શન મોડમાં આવી ગઈ હતી અને ઉમેદવારોની ટિંગાટોળી કરી અટકાયતનો દૌર શરૂ કર્યો હતો.

# માત્ર નિવેદનોના આધારે કોઇને કસ્ટડીમાં ન લઇ શકાયઃ ગુજરાત હાઇકોર્ટ

## અટકાયતના આદેશો પસાર કરતી વખતે પ્રશાસને કાયદાની વિશેષતાઓ ધ્યાને લેવી જોઇએ



અમદાવાદ,તા.૨૦:
ગુજરાત હાઈકોર્ટે કહ્યું છે કે માત્ર કોઈ વ્યક્તિ સામે એફઆઈઆર નોંધવાથી તેને જાહેર વ્યવસ્થા માટે જોખમી જાહેર કરી શકાય નહીં. હકીકતમાં, પોલીસે એક વ્યક્તિ વિરૂદ્ધ પ્રિવેન્ટિવ ડિટેન્શન એક્ટ હેઠળ **FIR** નોંધી હતી અને તેને કસ્ટડીમાં રાખ્યો હતો.

ગુજરાત હાઈકોર્ટમાં એક વ્યક્તિએ પોલીસમાં **FIR** દાખલ કરીને તેની અટકાયતને પડકારી હતી. તેણે પોતાની અરજીમાં કહ્યું હતું કે પોલીસે તેની સામે એફઆઈઆર નોંધી છે અને સામાન્ય નિવેદનોના આધારે તેની અટકાયત કરી છે. જસ્ટિસ ઈલેશ જે વોરા અને જસ્ટિસ વિમલ કે વ્યાસની બનેલી હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે અરજીની સુનાવણી કરતા કહ્યું હતું કે માત્ર એફઆઈઆર દાખલ કરવાથી જાહેર હુકમના ઉલ્લંઘન સાથે કોઈ લેવાદેવા નથી.

ડિવિઝન બેન્ચે કહ્યું કે અટકાયત કરાયેલ વ્યક્તિ સમાજ માટે ખતરો છે તે સાબિત કરવા માટે પૂરતા પુરાવા અને સામગ્રી હોવી જોઈએ. જેના કારણે સમગ્ર સમાજની ગતિ ખોરવાઈ રહી છે. જો આવી વ્યક્તિ બહાર રહે તો જાહેર વ્યવસ્થા બગડે અથવા સામાજિક વ્યવસ્થા જોખમાય.

ડિવિઝન બેન્ચે કહ્યું કે કસ્ટોડિયલ ઓફિસર દ્વારા માત્ર વ્યક્તિલક્ષી સંતોષને કાયદેસર, માન્ય અને કાયદા અનુસાર કહી શકાય નહીં, કારણ કે એફઆઈઆરમાં કથિત ગુનાઓ કાયદા હેઠળ જોગવાઈ મુજબ જાહેર વ્યવસ્થા પર કોઈ અસર કરી શકતા નથી.બેન્ચે પુનરોચ્ચાર કર્યો કે માનવજાતની સ્વતંત્રતા સર્વોચ્ચ છે. જ્યાં સુધી અટકાયત એકદમ જરૂરી ન હોય અને અટકાયત કરાયેલ વ્યક્તિની પ્રવૃત્તિઓથી જાહેર વ્યવસ્થા પ્રભાવિત ન થાય ત્યાં સુધી તેને મર્યાદિત અથવા પ્રતિબંધિત કરી શકાય નહીં. કોર્ટે કહ્યું કે સત્તાવાળાઓએ અટકાયતના આદેશો પસાર કરતી વખતે કાયદાની વિશેષતાઓને ધ્યાનમાં લેવી જોઈએ.

# ભાજપ સાંસદ રાજેશ ચુડાસમાની ખુલ્લી ધમકી: જે મને નડ્યા તેને મુકીશ નહીં

રાજકોટ, તા.૨૦:
ભાજપના સાંસદ રાજેશ ચુડાસમાએ વિરોધીઓને ખુલ્લી ધમકી આપી છે. પ્રાંચીમાં જાહેર મંચ પરથી પાંચ વર્ષ નડ્યા તેને નહીં છોડવાની ધમકી આપી છે. પ્રાંચીમાં ધારાસભ્ય ભગવાન ભારડે અભિવાદન કાર્યક્રમ યોજ્યો હતો. જેમાં મંચ પરથી રાજેશ ચુડાસમાએ વિરોધીઓને ચીમકી આપી કે ભાજપ હિસાબ કરે કે ના કરે પણ હું કોઇને છોડીશ નહીં. જ્યારે રાજેશ ચુડાસમા ભાજપને ૫,૭૮,૫૧૬ મત મળ્યા હતા. ત્યારે ભાજપના રાજેશ ચુડાસમા ૧,૩૪,૩૬૦ મતથી ભાજપની જીત થઇ હતી. જીત બાદ હવે ચૂંટણીમાં નડનારા વિરોધીઓને નહીં છોડવા સાંસદ ચુડાસમાએ ખુલ્લા મંચ પરથી પડકાર ફેંક્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૨૪ની ભારતીય સામાન્ય ચૂંટણીમાં રાજેશ ચુડાસમા જુનાગઢ લોકસભા બેઠક પરથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે ચૂંટાયા હતા. આ ચૂંટણીમાં હીરા જોટવા-કોંગ્રેસને ૪,૪૪,૧૫૬ મત મળ્યા હતા.

# તમિલનાડુમાં લઠ્ઠાકાંડ: ૨૯ના મોત

## ૬૦થી વધુ સારવાર હેઠળ:૨૦૦ લીટર ઝેરી દારૂ મળી આવ્યો



તમિલનાડુના કલ્લાકુરિચી જિલ્લામાં ઝેરી દારૂ પીવાથી ૨૯ લોકોના મોત થયા છે, જયારે ૬૦થી વધુ લોકોને અલગ-અલગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ કેસમાં પોલીસે એક વ્યક્તિની ધરપકડ પણ કરી છે. આરોપીઓ પાસેથી ૨૦૦ લીટર ઝેરી દારૂ મળી આવ્યો હતો, જેમાં મિથેનોલ ભેળવવામાં આવ્યું હતું.

આ ઘટના પર દુઃખ વ્યક્ત કરતા તમિલનાડુના સીએમ એમકે સ્ટાલિને લખ્યું, 'કલ્લાકુરિચીમાં ભેળસેળયુક્ત દારૂ પીવાથી લોકોના મોતના સમાચાર સાંભળીને હું આઘાત અને દુઃખી થયો. આ કેસમાં ગુનામાં સંડોવાયેલા લોકોની ધરપકડ કરવામાં આવી છે. આને રોકવામાં નિષ્ફળ ગયેલા અધિકારીઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે. જો જનતા આવા ગુનાઓમાં સંડોવાયેલા લોકોની માહિતી આપશે તો તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે. સમાજને બરબાદ કરતા આવા ગુનાઓને કડકાઈથી ડામવામાં આવશે.

તમિલનાડુના ગવર્નર આરએન રવિએ પણ મૃત્યુ અંગે શોક વ્યક્ત કર્યો હતો અને પીડિતોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી હતી. તેમણે કહ્યું, 'મને એ જાણીને આઘાત લાગ્યો કે નકલી દારૂના સેવનથી કલ્લાકુરિચીમાં ઘણા લોકોએ જીવ ગુમાવ્યા. અન્ય ઘણા લોકો ગંભીર હાલતમાં જીવન અને મૃત્યુ વચ્ચે ઝઝૂમી રહ્યા છે. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી હૃદયપૂર્વકની સંવેદના અને હું ઈચ્છું છું કે હોસ્પિટલમાં દાખલ લોકો જલ્દી સ્વસ્થ થઈ જાય.

તેમણે વધુમાં કહ્યું કે, 'અમે સમયે સમયે, અમારા રાજયના વિવિધ ભાગોમાંથી નકલી દારૂના સેવનથી મૃત્યુના અહેવાલો પ્રકાશમાં આવતા રહે છે. આ ગેરકાયદેસર દારૂના ઉત્પાદન અને વપરાશમાં સતત ક્ષતિ દર્શાવે છે. આ ગંભીર ચિંતાનો વિષય છે.

# અનામત કાયદા પર નીતિશ સરકારને મોટો ફટકો : પટના હાઈકોર્ટે સુધારાને ફગાવી દીધો

નવી દિલ્હી : બિહાર રાજ્ય સરકારને મોટો ફટકો આપતાં, પટના હાઈકોર્ટે ગુરુવારે અનામત કાયદામાં કરાયેલા તાજેતરના સુધારાની બંધારણીય માન્યતાને પડકારતી રિટ અરજીઓને મંજૂરી આપી હતી. ચીફ જસ્ટિસ કે વિનોદ ચંદ્રન અને જસ્ટિસ હરીશ કુમારની ડિવિઝન બેન્ચે ૧૧ માર્ચે આ મામલે પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો, જે ગુરુવારે સંભળાવવામાં આવ્યો હતો. ચીફ જસ્ટિસ કે વિનોદ ચંદ્રન અને જસ્ટિસ હરીશ કુમારની ડિવિઝન બેન્ચે ૧૧ માર્ચે આ મામલે પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો, જે ગુરુવારે સંભળાવવામાં આવ્યો હતો. અરજીમાં રાજ્ય સરકાર દ્વારા ૨૧ નવેમ્બર, ૨૦૨૩ના રોજ પસાર કરાયેલા કાયદાને પડકારવામાં આવ્યો હતો, જેમાં **SC, ST, EBC** અને અન્ય પછાત વર્ગોને ૬૫ ટકા અનામત આપવામાં આવી છે, જ્યારે સામાન્ય વર્ગને માત્ર ૩૫ ટકા પોસ્ટ્સ આપવામાં આવી છે. સરકારી સેવામાં ઉમેદવારો આપી શકાય છે જેમાં **EWS** માટે ૧૦ ટકા અનામતનો પણ સમાવેશ થાય છે.

# રાજકોટમાં બે-બે હત્યાથી ખળભળાટ

**રાજકોટમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેવું ચિત્ર સામે આવ્યું :ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો: હત્યા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા**






રાજકોટ, તા.૨૦

શહેરના ગાંધીગ્રામમાં ૨૦ વર્ષીય અર્જુનને તેના મિત્ર કૃણાલે ટકો નામના શખ્સ સાથે મળી યુવકને છરીનો એક ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દેતાં ચકચાર મચી ગઈ હતી. તું મારા મિત્ર હર્ષ જાદવને ખોટા રવાડે કેમ ચડાવે છે ? કહીં બે શખ્સો યુવક પર તૂટી પડ્યા હતાં. બાદમાં યુવાને ટૂંકી સારવારમાં દમ તોડતા પરીવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવ અંગે જાણ થતાં ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો અને હત્યા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

બનાવ અંગે રાજકોટમાં ગાંધીગ્રામ શેરી નં.૮- બ માં શાંતિકુંજ નામના મકાનમાં રહેતાં પ્રફુલભાઈ નર્મદાશંકર વ્યાસ (ઉ.વ.૫૮) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે કૃણાલ કિર્તી ચગ (રહે. ગાંધીગ્રામ), મયલો ટકો (રહે. સાધુ વાસવાણી રોડ) નું નામ આપતાં ગાંધીગ્રામ પોલીસે આઈપીસી ૩૦૨,૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨) સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર રામેશ્વર હોલ પાસે શિવમ પાન નામની દુકાન ચલાવે છે. તેમજ ઇક્કો ગાડી પણ ભાડેથી ચલાવે છે. તેઓ પત્ની ધર્મિષ્ઠાબેન તેમજ પુત્ર કરણ (ઉ.વ.૨૩) અને અર્જુન (ઉ.વ.૨૦) સાથે રહે છે. તેમજ એક પુત્રી ફાલ્ગુનીના લગ્ન મોરબી ખાતે થયેલ છે.તેમનો મોટો પુત્ર કરણ ડ્રાઇવિંગ કરે છે અને નાનો પુત્ર અર્જુન છૂટક બોર્ડ બેનર લગાવવાના કામની મજૂરી કામ કરતો હતો.

ગઈ રાતના એક વાગ્યાની આસપાસ તેઓ પત્ની અને મોટો પુત્ર સાથે ઘરે હતાં ત્યારે અર્જુનનો મિત્ર દિવ્યેશ ઘરે ઘસી આવેલ અને કહેલ કે, અર્જુનને કર્ણેશ્વર કોમ્પ્લેક્ષ પાસે બાપ સિતારામ ઓટા નજીક છરી મારી દિધેલ છે, જે બેભાન હાલતમાં પડેલ છે. તેમ વાત કરતાં તેઓ ઘટના સ્થળે દોડી ગયેલ હતાં. જ્યાં લોકોના ટોળા વળેલ હતાં. અર્જુન પ્રફુલ પાન પાસે પડેલ હતો. પેટના ભાગે ડુટી પાસે ઈજા થયેલ હતી અને પેટમાંથી પરપોટા નીકળતાં હતાં. તેમને તાત્કાલિક સારવારમાં અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

બાદમાં અર્જુનના મિત્ર દિવ્યેશ અને કશ્યપને બનાવ અંગે પૂછતાં તેઓએ જણાવેલ કે, રાત્રીના ૧૨ વાગ્યે બંને ગાંધીગ્રામ શેરી નં.૬ ના ખૂણે કર્ણેશ્વર કોમ્પ્લેક્ષ પાસે આવેલ ત્યારે આરોપી કૃણાલ ચગ અને મયલો ટકો તેમજ અર્જુન ત્યાં બેસેલા હતાં. ત્યાં કૃણાલ અર્જુનને કહેતો હતો કે, તું મારા મિત્ર હર્ષ જાદવને ખોટા રવાડે કેમ ચડાવે છે ? તેમ કહીં અર્જુન સાથે ગાળાગાળી કરી તેને ફડાકા ઝીંકી દિધા હતાં. જેથી તેઓએ કૃણાલને ઝઘડો ન કરવા સમજાવેલ પરંતુ તે માનેલ નહિ અને કહેલ કે, આજે તો આને મારી જ નાંખવો છે કહીં આરોપી ઝઘડો કરતો હતો. બંને મિત્ર હોય અને કાયમ સાથે રહેતાં હોય જેથી વાતને ગંભીરતાથી લીધેલ નહિ અને દિવ્યેશ તેમજ કશ્યપ નાસ્તો કરવાં જતાં રહેલ હતાં.

બાદમાં એક વાગ્યે તેઓ બંને બનાવ સ્થળે પરત આવતાં કૃણાલ અને મયલો અર્જુન સાથે ઝઘડો કરતાં હતાં. અર્જુન રડતો રડતો આજીજી કરતો હતો. જેથી તેઓએ કૃણાલને બાવડું પકડી સમજાવેલ કે, અર્જુનને જવા દે, કહેતાં જ કૃણાલે નેફમાંથી છરી કાઢી અર્જુનને મારવા જતાં તેમને છરી લાગી જતાં તે ત્યાંથી દૂર ખસી ગયેલ હતો અને બાદમાં આરોપીએ અર્જુનને છરીનો એક ઘા પેટમાં ઝીંકી દેતા અર્જુન ત્યાં જ ઢળી પડ્યો હતો. તેમજ આરોપીએ કહેલ કે, જો તું આને દવાખાને લઈ ગયો તો આપણે સબંધ બગડી જશે કહીં નાસી છૂટ્યા હતાં.

દરમિયાન રાતે ૩ વાગ્યે સારવારમાં રહેલ ફરિયાદીના પુત્ર અર્જુનનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે જાણ થતાં ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઈ બી.ટી.અકબરી, વી.વી.જાડેજા સહિતનો પોલીસ કાફલો દોડી ગયો હતો અને મૃતકના પિતાની ફરીયાદ પરથી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.બીજા બનાવમાં સાંઈબાબા સર્કલથી સ્વાતિપાર્ક જવાના રસ્તા પરથી બળેલી લાશ મળતાં આજીડેમ, ક્રાઈમ બ્રાન્ચ એસઓજી સહિતનો પોલીસ કાફલો દોડી ગયો મૃતકની ઓળખ મેળવવા તજવીજ

આજીડેમ પાસે સાંઈબાબા સર્કલથી સ્વાતિ પાર્ક જવાના રસ્તા પરથી ૩૦ વર્ષીય યુવાનને જીવતો સળગાવી હત્યા કરેલ લાશ મળી આવતા ચકચાર મચી ગઇ હતી. બનાવની જાણ થતાં આજીડેમ, ક્રાઇમ બ્રાન્ચ એસઓજી સહિતનો પોલીસ કાફલો દોડી ગયો હતો અને તપાસ હાથ ધરતાં હત્યાની અંજામ આપનાર બે ભરવાડ અને એક પરપ્રાંતીય શખ્સ સકંજામાં લઈ પૂછતાછ હાથ ધરી હતી. તેમજ લાશની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી હતી.

બનાવ અંગે ગઈકાલે સાંજે પોલીસ કન્ટ્રોલ રૂમમાં જાણ થયા બાદ આજી ડેમ પોલીસનો સ્ટાફ સ્થળ પર દોડી ગયો હતો. જ્યાં અજાણ્યા આશરે ૩૫ થી ૪૦ વર્ષના પુરૂષની મોઢાથી કમર સુધીના ભાગ સુધી આખી અને બાકીના ભાગ સુધી અડધી સળગેલી લાશ જોવા મળી હતી. બાજુમાં એક પ્લાસ્ટીકની બોટલ પણ મળી આવી હતી. જેના પરથી બોટલમાં જે કોઈ જવલનશીલ પ્રવાહી એટલ કે પેટ્રોલ કે ડિઝલ લઈ આવી તે છાંટી લાશ સળગાવાયાના તારણ પર પોલીસ પહોંચી હતી.

લાશની સ્થિતિ જોતા બીજી કોઈ જગ્યાએ હત્યા કરી લાશ કોઈ વાહનમાં લઈ આવી બનાવ સ્થળે ફેંકી દેવાયાના તારણ સામે આવ્યું હતું. મૃતકની ઓળખ ન મળે તે માટે હત્યારાઓએ લાશ સળગાવી નાંખી હતી. લાશ નજીકથી ઓળખ મળે તેવા કોઈ પુરાવા પોલીસને મળ્યા ન હતાં. મોઢાના ભાગે સીંદરી બાંધી અને બંને હાથ બાંધી મૃતકની હત્યા કરાયાના પુરાવા પોલીસને મળી આવ્યા છે.

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, મૃતકે આખી બાયનું કાળુ શર્ટ અને ભુખરા કલરનું જીન્સનું પેન્ટ પહેરેલું છે. જોકે આ કપડા પણ અડધા બળી ગયા છે. મૃતકની ઓળખ મેળવવા માટે હાલ તજવીજ ચાલુ છે. જયાં સુધી મૃતકની ઓળખ ન મળે ત્યાં સુધી ભેદ ઉકેલાય તેમ ન હોવાથી પોલીસની ટીમોએ મૃતકની ઓળખ મેળવવા તરફ તપાસ કેન્દ્રીત કરી છે. સીસીટીવી કેમેરાની મદદ પણ પોલીસ લઈ રહી છે.

વધુમાં મળેલ વિગત મુજબ, બનાવ સામે આવ્યાં બાદ તપાસમાં ક્રાઈમ બ્રાન્ચ,એસઓજી, એલસીબી સહિત આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ જોડાયો હતો અને ક્રાઈમ બ્રાન્ચની ટીમે યુવાનની હત્યા કરનાર બે ભરવાડ અને એક પરપ્રાંતીય શખ્સને દબોચી લીધાં હતાં. તેમજ મૃતક યુવાનની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી હતી.

## રાજકોટના સુપ્રિ.એન્જીનીયરને એડિશનલ ચીફ ઈજનેર પદે બઢતી




રાજકોટ,તા.૨૦

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.દ્વારા એકઝીકયુટીવ એન્જીનીયરને સુપ્રિ.એન્જીનીયર તરીકે પ્રમોશન આપવામાં આવ્યા છે જેમાં જે.બી.ઉપાધ્યાયને રાજકોટ સીટીમાં મુકવામાં આવ્યા છે. ૧૦ કાર્યપાલક ઈજનેરી રિકવેસ્ટ ટ્રાન્સફર મંજુર, ૭ જુનીયર ઈજનેરોને ડેપ્યુટી ઈજનેર તરીકે બઢતી અપાય છે.

પીજીવીસીએલમાં અધિકારીઓને બઢતી-બદલી શરૂ થઈ છે.

એડીશનલ ચીફ ઈજનેર તરીકે પ્રમોશન આપવામાં આવ્યું છે. ચાર એકઝીકયુટીવ ઈજનેરને સુપ્રિન્ટન્ડીંગ એન્જીનીયરીંગ તરીકે બઢતી અને એકઝીકયુટીવ એન્જીનીયરીંગના અન્ય ૧૦ રીકવેસ્ટ ટ્રાન્સફર ઓર્ડર આપવામાં આવ્યા છે. બી.સી.રાઠડો, ડી.આર.ગઢીયા, અને એચ.ડી.વ્યાસને બઢતી આપવામાં આવી છે.જયારે અંજારના સુપ્રિ.એન્જીનીયર એસ.ટી.બનડાને ગાંધીનગર, જીઈઆરસીમાં ડેપ્યુટેશન ઉપર મુકવામાં આવ્યા છે.તેમજ એકઝીકયુટીવ એન્જીનીયરની અન્ય ૧૦ રીકવેસ્ટ ટ્રાન્સફરની અરજી ગ્રાહ્ય રાખી બદલીના આર્દશ આપવામાં આવ્યા છે.વધુ ૭ જુનીયર ઈજનેરોએ પ્રમોશન આપી અમરેલી, ભાવનગર, સુરેન્દ્રનગર, બોટાદમાં પોસ્ટીંગ આપવામાં આવી છે.

## રાજકોટ મનપા દ્વારા વિશ્વ યોગ દિવસ નિમિતે શહેરના પાંચ સ્થળોએ યોગનું આયોજન



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૨૦

મહાનગરપાલિકા દ્વારા તા.૨૧મી જુન વિશ્વ યોગ દિવસ નિમિતે સવારે ૦૬ કલાકે શહેરના પાંચ સ્થળોએ યોગનું આયોજન કરવામાં આવેલ છે.

આ આયોજનના ભાગરૂપે આજે તા.૨૦-૦૬ના રોજ મહાનગરપાલિકાના પદાધિકારીઓ દ્વારા ચાર સ્થળ ખાતે વિઝિટ કરી અધિકારીઓ પાસેથી તૈયારીના ભાગરૂપે માહિતી મેળવી હતી.

### તૈયારીના ભાગરૂપે પદાધિકારીઓ દ્વારા સ્થળ મુલાકાત

મહાનગરપાલિકા દ્વારા વિશ્વ યોગ દિન નિમિતે શહેરમાં કુલ પાંચ સ્થળોએ યોગનું આયોજન કરવામાં આવ્યું છે જેમાંથી ચાર સ્થળ ખાતે પદાધિકારીઓ દ્વારા વિઝિટ કરવામાં આવી હતી. તેમાં (૧) સેન્ટ્રલ ઝોન, માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ, રેસકોર્ષ (૨) વેસ્ટ ઝોન, નાનામવા ચોક ખાતેનું મેદાન, (૩) ઈસ્ટ ઝોન, ગ્રીન લેન્ડ પાર્ટી પ્લોટ, (૪) મહાત્મા ગાંધી મ્યુઝિયમ વિગેરે સ્થળની વિઝિટ કરી આયોજન અંગે અધિકારીશ્રીઓ પાસેથી માહિતી જરૂરી સૂચનાઓ આપી હતી. સ્થળ વિઝિટ દરમ્યાન કાર્યકારી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઈ ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડિયા, રાજકોટ શહેર પ્રમુખ મુકેશભાઈ દોશી, નાયબ મ્યુનિસિપલ કમિશનરઓ ચેતન નંદાણી અને હર્ષદ પટેલ, એ.એમ.સી. બી. એલ. કાથરોટીયા, અ.એમ.સી. સમીર ધડુક, ડીવાય. એસ.પી. આર. બી. ઝાલા, મેડીકલ ઓફિસર જયેશ વકાણી, સિટી એન્જી. અતુલ રાવલ, ચીફ ફાયર ઓફિસર આઈ. વી. ખેર, પર્યાવરણ ઈજનેર નિલેશ પરમાર, મનપાના વિવિધ અધિકારીઓ અને બ્રમ્હાકુમારીઝના બહેનો ઉપસ્થિત રહ્યા હતા.મહાનગરપાલિકા દ્વારા આવતીકાલ સવારે ૦૬:૦૦ કલાકે વિશ્વ યોગ દિવસ નિમિતે શહેરમાં કુલ પાંચ સ્થળ ખાતે યોગનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં (૧) સેન્ટ્રલ ઝોન, શ્રી માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ, રેસકોર્ષ (૨) વેસ્ટ ઝોન, નાનામવા ચોક ખાતેનું મેદાન, (૩) ઈસ્ટ ઝોન, ગ્રીન લેન્ડ પાર્ટી પ્લોટ, (૪) મહાત્મા ગાંધી મ્યુઝિયમ (દિવ્યાંગ/ખાસ કેટેગરીના બાળકો દ્વારા યોગ) અને (૫) શ્રી જીજાબાઈ મહિલા સ્નાનાગાર સ્થળ ખાતે વિવિધ સંસ્થાઓ દ્વારા યોગ કરવામાં આવશે.તેમ જણાવ્યુ છે.

## કપાસ, મગફળી, સોયાબીન,અડદ અને મગની ટેકાના ભાવમાં વધારો કરવાનો નિર્ણય આવકારતા જયેશ બોઘરા




(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)


રાજકોટ તા.૨૦

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષસ્થાને યોજાયેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં વર્ષ ૨૦૨૪-૨૫ ના ખરીફ પાક માટે ટેકાના ભાવમાં વધારાને મંજુરી આપવામાં આવી હતી. ખેડૂતોને તેમના પાકોમાં પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ભારત સરકાર દ્વારા વાવેતર પહેલા જ ટેકાના ભાવમાં વધારો કર્યો છે. જેથી કરીને ખેડૂતો વાવેતર માટે આગોતરું આયોજન કરી શકે, તેમજ પુરા ભાવ મળવાની ખાત્રીને કારણે ખેડૂતો આ પાક ઉગાડવા માટે પ્રયાસો કરશે.

ભારત સરકાર દ્વારા ચાલુ વર્ષ ૨૦૨૪-૨૫ માટે ખરીફ પાકોનું વાવેતર થાય તે માટે અગાઉથી જ ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યા હતા. જે અનુસાર મગફળીનો ટેકાનો ભાવ રૂ. ૬૭૮૩ પ્રતિ ક્વિન્ટલ, કપાસ નો ટેકાનો ભાવ રૂ. ૭૧૨૧ અને ૭૫૨૧ પ્રતિ ક્વિન્ટલ, મગનો ટેકાનો ભાવ રૂ.૮૬૮૨ પ્રતિ ક્વિન્ટલ, અડદનો રૂ.૭૪૦૦ પ્રતિ કવિન્ટલ અને સોયાબીનનો રૂ.૪૮૯૨ પ્રતિ ક્વિન્ટલ, સુરજમુખી નો રૂ.૭૨૮૦ પ્રતિ ક્વિન્ટલ જાહેર કરવામાં આવેલ છે.

સમયસર ટેકાના ભાવ જાહેર કરવા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ, તેમજ ગુજરાત રાજ્ય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલનો આ તકે આભાર વ્યક્ત કરું છું.તેમ જણાવ્યુ છે.

## આજીડેમમાંથી યુવકની લાશ મળી



રાજકોટ. તા.૨૦

આજીડેમમાંથી ૩૦ વર્ષીય યુવકની લાશ મળી આવતાં આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો અને તપાસ હાથ ધરતાં ગઈકાલે નહાવા ગયેલ હનુમાન મઢી પાસે રહેતાં યુવાનની લાશ હોવાની શંકાએ પોલીસે તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, આજ બપોરના સમયે આજીડેમમાં માંડાડુંગર પાસે એક અજાણ્યા યુવાનની લાશ તરતી હોવાનું કોઈ સ્થાનિકને ધ્યાને આવતા ફાયર બ્રિગેડ ને જાણ કરવામાં આવી હતી. જેથી કોઠારીયા ફાયર બ્રિગેડનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને તેમણે મૃતદેહને બહાર કાઢ્યો હતો.

બીજી તરફ આજીડેમ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ એચ.એમ.ધરજીયા પણ સ્ટાફ સાથે દોડી આવ્યા હતા અને પ્રાથમિક તપાસ શરૂ કરી હતી. દરમિયાન ડેમ પાસે જ એક શંકાસ્પદ બાઈક મળી આવ્યું હોય જેથી તે બાઈક નંબરના આધારે પોલીસે બાઈક માલિકનો સંપર્ક કર્યો હતો.

તપાસ દરમિયાન હકીકત જાણવા મળી હતી કે, રૈયારોડ પર હનુમાન મઢી પાસે રહેતો વિકી નાગજીભાઈ જાટીયા (ઉ.વ ૩૦) નામનો યુવાન ગઈકાલે બપોર ડેમે નાહવા ગયા બાદ ઘરે પરત ફર્યો નથી અને આ બાઈક તેનું હોય જેથી ડૂબી જનાર યુવાન વીકી હોવાની પ્રબળ શંકા છે.

પરંતુ તેની ઓળખ મેળવવા માટે પોલીસે તેના પરિવારજનોને જાણ કરી છે. પરિવારજનો તેને ઓળખી કાઢયા બાદ પોલીસ આગળની કાર્યવાહી કરશે. આજીડેમમાંથી મૃતદેહ બહાર કાઢવા ફાયરબ્રિગેડના સંજયભાઈ, ઘૂડાભાઈ, વિક્રમભાઈ, જીજ્ઞેશભાઈ સહિતના સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

## તંત્રી લેખ

# પર્યાવરણ જોખમમાં...

માણસને જગાડવા અને પર્યાવરણ અંગે પ્રવૃત્ત કરવા યુએન ઉપરાંતની પણ અનેક સંસ્થાઓ મહેનત કરે છે પણ એનો પ્રભાવ લોકજીવન સુધી પહોંચતો નથી. મનુષ્ય જાણવા છતાં ઝેરી વ્યસન આચરે છે આવા સંયોગો વચ્ચે જંગલની એક લીલી પાંદડીની વીતકકથા કોણ સાંભળે ? જેણે જિંદગીમાં એક પણ ઝાડ વાવ્યું નથી એવા કરોડો લોકોના જમેલા વચ્ચે પર્યાવરણની વાત કોઈ સાંભળે એ કલ્પના એટલી જ હાસ્યાસ્પદ છે

પર્યાવરણમાં ભારતની પ્રતિષ્ઠા છે. આંતરરાષ્ટ્રીય ચિત્ર જ એટલું ઢળતા ઢાળે છે કે એમાં ભારત ઉક્ઝડોની વચ્ચે એરંડાસન પર બેસી શકે એમ છે. બાકી દેશમાં આપણે ખુદ જાણીએ છીએ કે પર્યાવરણ અને ભારત વચ્ચે કેટલી ગહન ખીણ છે. ભારત વાતાવરણમાં સૌથી ઓછું કાર્બનનું ઉત્સર્જન કરે છે એ હકીકત પરથી ભારતે જરાય સંતોષ લેવાની જરૂર નથી. જો કલાઈમેટ ચેઈન્જને આ ચાલુ સદીનો સૌથી મોટો પ્રશ્ન માનવામાં આવતો હોય તો એક વાત નક્કી છે કે આપણે એ માણસજાત છીએ જે મોતના કૂવામાં પણ સરકસના ખેલ કરે છે. આપણે સદાય એમ માનતા આવ્યા છીએ કે કુદરત હજુ આપ્યા જ કરશે.

સુખની વેળાએ જ સંસાર મૂકીને ચાલ્યા જનારાની સંખ્યા બહુ છે. સમાજનો એ એક અપ્રગટ વિષાદયોગ છે. યુએન કોન્ફરન્સ આ પ્રશ્નનું સાચું નિરાકરણ લાવવામાં વધુ એકવાર નિષ્ફળ નીવડી છે. આ વર્ષનું પરિણામ તો બહુ જ નિરાશાજનક છે. યુએન કોન્ફરન્સમાં દુનિયાભરના બે હજાર જેટલા ડેલીગેટ્સે ભાગ લીધો હતો. વિકસિત અને અલ્પવિકસિત દેશોમાંથી આવેલા એ પ્રતિનિધિઓના હાથમાં વૈજ્ઞાનિક રિપોર્ટ હતો. ઈન્ટરગવર્નમેન્ટલ પેનલ અને યુએન પર્યાવરણ પ્રોગ્રામે. કરેલા સંશોધનનું તારણ એમાં હતું જેમાં કયો દેશ કેટલું કાર્બન ઉત્સર્જન કરે છે એ માહિતી આપવામાં આવી હતી.

જુદા જુદા દેશ કેટલો ગ્રીનહાઉસ વાયુ વાતાવરણમાં ભેળવે છે એ બતાવવામાં આવ્યું હતું. એ રિપોર્ટમાં આખા દસકના આંકડાઓ મૂકવામાં આવ્યા હતા. વર્ષો પહેલા ગ્રીનહાઉસના ઉત્સર્જન વિશે બધા દેશોએ સમજૂતી કરાર કરેલો જે ક્યોટો પ્રોટોકોલના નામે ઓળખાય છે. એના પછી થોડા સમય પહેલા જ પેરીસમાં સમજૂતી કરારો થયેલા. પેરીસ કરાર બહુ વિખ્યાત છે જેમાં સહી કર્યા પછી અમેરિકાને પેટમાં શૂળ ઉપડયું હતું. આ બંને કરારો અન્વયે ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનની ગણતરીમાં જે પારદર્શિતા જળવાવી જોઈએ એ જળવાઈ નથી. અમુક દેશો આ અપારદર્શકતાનો ગેરફાયદો ઉઠાવી રહ્યા છે.

ઘણાં દેશોમાં અચાનક બદલી જતી આબોહવાને કારણે પણ અમુક દેશોને અંગત નુકસાન થઈ રહ્યું છે જેમાં ભારતનો સમાવેશ પણ છે. ૨૨૫ બિલિયન ડોલરનું કુલ નુકસાન થયું છે. આ બધા આંકડાઓ ખૂબ ચિંતાજનક છે. યુએન કોન્ફરન્સમાં રજુ થયેલો આ રિપોર્ટ સૂચવે છે કે પૃથ્વીના સરેરાશ તાપમાનમાં દોઢ ડિગ્રીનો વધારો થયો છે. પર્યાવરણવાદીઓએ વધુ ગંભીર સવાલો ઉઠાવ્યા છે. યુએન કોન્ફરન્સના નક્કી થયા મુજબ જો ઈ. સ. ૨૦૨૫ થી વિકાસશીલ દેશો પાસેથી ૧૦૦ બિલિયન ડોલરનો વકરો વસુલ કરવામાં આવશે તો દુનિયાના રાજનેતાઓ હાલકડોલક થઈ જવાના છે. પણ તેનો બોજ સોસાયટી ઉપર આવશે એનું શું?

OM CATRERS
Best Food For All Ocoassion
Call: 98251 51818 / 97144 53898
Web: www.omcaterersrajkot.com

### વિશ્વ યોગ દિવસ નિમિતે રાજકોટ મનપા આયોજીત

# મહિલાઓ દ્વારા એકવા યોગા કરાશે



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૨૦

યોગ એ આપણી ભારતીય સંસ્કૃતિની સમગ્ર વિશ્વને દેન છે. પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા માનવજાતને અપાયેલી એક અમૂલ્ય ભેટ એવી યોગ વિદ્યાને વિશ્વ ફલક ઉપર લાવવા તથા માનવજાતને આરોગ્ય, સુખાકારી અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા સંયુક્ત રાષ્ટ્ર સંઘની ૬૯મી સામાન્ય સભા સમક્ષ''આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવા કરેલ પ્રસ્તાવને સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા મંજુર કરવામાં આવેલ જેના ભાગરૂપે સમગ્ર વિશ્વમાં તારીખ ૨૧-મી જૂનના દિવસને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. યોગનો પ્રચાર પ્રસાર થાય અને યોગને શહેરભરમાં પ્રોત્સાહન મળે તે માટે દર વર્ષની માફક આ વર્ષે પણ મહાનગરપાલિક દ્વારા તા. ૨૧.મી જૂન -વિશ્વ યોગ દિવસ'' નિમિતે શહેરના પાંચ સ્થળોએ યોગનું આયોજન કરવામાં આવેલ છે.મહાનગરપાલિકા દ્વારા ''વિશ્વ યોગ દિવસ નિમિતે શહેરમાં કુલ પાંચ સ્થળોએ યોગનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં (૧) સેન્ટ્રલ ઝોન, માધવરાય સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમ, રેસકોર્ષ (૨) વેસ્ટ ઝોન, નાના મૌવા ચોક ખાતેનું મેદાન (૩) ઈસ્ટ ઝોન, ગ્રીનલેન્ડ પાર્ટી પ્લોટ, ગ્રીનલેન્ડ ચોકડી પાસે (૪) મહાત્મા ગાંધી મ્યુઝિયમ, જ્યુબિલી ચોક ખાતે દિવ્યાગ અને ખાશ કેટેગરીના લોકો માટે તેમજ (૫) ''શ્રી જીજાબાઈ મહિલા સ્નાનાગાર'' સાધુ વાસવાણી રોડ ખાતે મહિલાઓ દ્વારા એકવા યોગા'નું આયોજન કરવામાં આવેલ છે.મહાનગરપાલિકા દ્વારા ''વિશ્વ યોગ દિવસ નિમિતે દર વર્ષની માફક આ વર્ષે પણ 'શ્રી જીજાબાઈ મહિલા સ્નાનાગાર'' સાધુ વાસવાણી રોડ ખાતે મહિલાઓ દ્વારા સ્નાનાગારમાં એકવા યોગાનું આયોજન કરેલ છે. શ્રી આરતી માંડલીયા ઓનર ઓફ પ્રિયમ યોગા એન્ડ ફિટનેસ સ્ટુડિયોના માર્ગદર્શન હેઠળ ''એકવા યોગા''નું આયોજન કરેલ છે. જેમાં ''શ્રી જીજાબાઇ મહિલા સ્નાનાગાર''માં ૨૦ વર્ષથી ૬૫ વર્ષ સુધીની વય જૂથની ૫૦ જેટલી મહિલાઓ પાણીની અંદર એકવા યોગા કરશે યોગ પ્રોટોકોલમાં દર્શાવ્યા મુજબના વિવિધ આસનો ઉપરાંત ઊભા રહીને કરવાના આસનો, બેસીને કરવાના આસનો, ઊંધા સુઈને તેમજ સીધા સુઈને કરવાના આસનોનો સમાવેશ થાય છે. -એકવા યોગા સવારે ૭ કલાકેથી શરૂ થશે અને સતત ૪૫ મિનિટ સુધી પાણીમાં રહીને ''એકવા યોગા'' કરવામાં આવશે. અંતમાં પ્રાણાયામ અને ધ્યાન સાથે એકવા યોગા'નું સમાપન થશે.

મહાનગરપાલિકાના પદાધિકારીઓ કાર્યકારી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા તથા આરોગ્ય સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલએ શહેરની મહિલાઓ/બહેનોને આ ખાસ કેટેગરીના એકવા યોગા નિહાળવા શ્રી જીજાબાઈ મહિલા સ્નાનાગાર' સાધુ વાસવાણી રોડ ખાતે ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ પાઠવેલ છે.

મહિલાઓ દ્વારા કરવામાં આવનાર ''એકવા યોગા કાર્યક્રમ નિહાળવા શહેરભરની મહિલાઓ ઉત્સાહભેર જોડાય તે માટે આજ તા.૨૦/૦૬ના રોજ મહાનગરપાલિકાના શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ માધ્યમિક શિક્ષણ અને આનુસાંગિક શિક્ષણ સમિતિ ચેરમેન સમિતિ ચેરમેન રસિલાબેન સાકરિયા, બાગ-બગીચા અને ઝૂ સમિતિ ચેરમેન સોનલબેન સેલારા, સ્ટેન્ડિંગ કમિટી સભ્યો દક્ષાબેન વસાણી, રૂચીતાબેન જોશી, ભારતીબેન પરસાણા, મંજુબેન કુંગસિયા, જ્યોત્સનાબેન ટીલાળા અને વર્ષાબેન રાણપરાએ ''એકવા યોગા કાર્યક્રમની જરૂરી વિગતો પૂરી પાડેલ છે.તેમ જણાવ્યુ છે.

# સાવરકુંડલામાં અમૃત સરોવરનું ખાત મુહૂર્ત કરતા ધારાસભ્ય મહેશ કસવાળા



સાવરકુંડલા તા.૨૦

શહેરમાં હરવા ફરવા લાયક એકમાત્ર જાહેર જનતા બાગ સિવાય કશું ના હોવાથી સાવરકુંડલા માં આવતા મહેમાનો અને સાવરકુંડલા વાસીઓને વાર તહેવારે કે રવિવારે ક્યા જવું તેની મુશ્કેલીઓનો અંત ટુંક સમયમાં આવશે મહેશ કસવાળાની શહેરીજનો પ્રત્યેની લાગણીઓ અને વિકાસ તરફની રાજ્ય સરકારની સંવેદનશીલતાને લઈને સાવરકુંડલા મહુવા બાયપાસ ખાતે આવેલ પ્રખ્યાત આકાશી મેલડી મંદિર અને લીલાપીર નજીક નો ભેસાણ ડેમ સાઈટ પર ૫ કરોડના ખર્ચે અમૃત સરોવર બનાવવાના આજે અમરેલીના સાંસદ ભરત સુતરીયા અને ધારાસભ્ય મહેશ કસવાળાના વરદહસ્તે ખાત મહૂર્ત કરવામાં આવેલ હતું સાવરકુંડલા શહેરને નવું નજરાણું મળી રહે અને અમરેલી જિલ્લા માંથી અમૃત સરોવર નિહાળવા લોકો આવે તેવું અદભુત અમૃત સરોવર ૫ કરોડના ખર્ચે બનવા જઈ રહ્યું હોય.

જેના ખાત મુર્હૂત પ્રસંગે જ સાંસદ સુતરીયા અને ધારાસભ્ય કસવાળાએ વધુ એક વિકાસની ભેટ સાવરકુંડલા શહેર તાલુકાની જનતા માટે આપી હોવાની પ્રતીતિ શહેરીજનો કરી રહ્યા હતા ને ખાત મુહર્ત પ્રસંગે મોટી સંખ્યામાં શહેરના પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા તેમજ નગરપાલિકા હોદ્દેદારઓ, ચેરમેનઓ, સદસ્યો, જિલ્લા ભાજપ હોદ્દેદારઓ, શહેર ભાજપ, તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારઓ, તાલુકા પંચાયત હોદ્દેદારઓ, સદસ્ય સાવરકુંડલાના પ્રતિષ્ઠિત મુખ્ય આગેવાનો બહોળી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા. તેવું સત્વ ''અટલધારા'' કાર્યાલયના ઇન્ચાર્જ જે.પી.હીરપરાએ યાદીમાં જણાવ્યું છે.

## સરકારના પોર્ટલથી ઉપર BEd પ્રવેશ સમિતિ રચવાથી વિદ્યાર્થીઓને શું લાભ થવાનો છે ?

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૨૦

ગુજરાત પ્રદેશ કોંગ્રસ સમિતિના પ્રવકતા ડો. નિદત બારોટ દ્વારા સૈરાષ્ટ્ર યુનિવર્સીટીના કુલપતીને પત્ર પાઠવ્યો છે. પત્રમા જણાવ્યુ હતુ કે,ગુજરાત સરકાર દ્વારા **GCAS** પોર્ટલના માધ્યમથી, ગુજરાતના વિદ્યાર્થીઓ પાસેથી **BEd** મા પ્રવેશ મેળવવા માગતા વિદ્યાર્થીઓ પાસેથી ૩૦૦ રૂપિયા ભરાવી પ્રવેશ ફોર્મ ભરાવેલ છે. કોલેજોના પોર્ટલમાં કયા વિદ્યાર્થીની કઈ કોલેજ પસંદગી છે તે પણ દર્શાવેલ છે. આર્ટસ, કોમર્સ, સાયન્સ વગેરેમા જેમ કોલેજ દ્વારા સરકારે આપેલ મેરીટ યાદી મુજબ પ્રવેશ ચાલે છે તે પ્રકારે જ **BED** મા પણ સરકારે નિયત કરેલ નિયમાનુસાર પ્રવેશ કાર્યવાહી ચાલવા દેવી જોઈએ.યુનિવર્સિટી નવી પ્રવેશ સમિતિ બનાવી અને સરકારે નિયત કરેલ **GCAS** પોર્ટલ ઉપર ફરી પ્રક્રિયા કરવાની જરૂર નથી. સરકારના **GCAS** પોર્ટલ પર યુનિવર્સિટીના કુલપતિને ભરોસો ના હોય તેવું લાગી રહ્યું છે. રાજ્ય સરકારના પોર્ટલથી ઉપર **BEd** પ્રવેશ સમિતિ રચવાથી વિદ્યાર્થીઓને શું લાભ થવાનો છે ?આપે રાજ્ય સરકારની ઉપર નવી સમિતિ કોના લાભાર્થી બનાવી છે તે સમજાતું નથી. વર્ષ ૨૦૨૪ ની **BEd** પ્રવેશ સમિતિ રદ કરી અને સરકારના **GCAS** પોર્ટલ પર જે પ્રમાણે કાર્યવાહી ચાલે છે તે પ્રમાણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં પ્રવેશ કાર્યવાહી કરવા જાહેર કરવા વિનંતી. આપનું ધ્યાન દોરવાનું કે અન્ય યુનિવર્સિટીમા જયાં પ્રવેશ પરીક્ષા લેવામાં આવતી નથી તે બધી જગ્યાએ**GCAS** પોર્ટલના પ્રવેશ ચાલે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પણ પ્રવેશ પરીક્ષા નથી ત્યારે **GCAS** પોર્ટલદ્વારા કોલેજમાં પ્રવેશ થાય તેજ માન્ય કરવા જોઈએ પ્રવેશ સમિતિ રદ કરવી જોઈએ.

## પડધરીમાં પેસેન્જર બાબતે માથાકૂટ

રાજકોટ, તા.૨૦

પોલીસ સુત્રો તરફથી મળતી માહિતી મુજબ આશીષ વલ્લભ ચૌહાણ (ઉ.વ.૨૮) અને મહેશ વલ્લભ ચૌહાણ (ઉ.વ.૨૨) ને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં બપોરે બારેક વાગ્યે સારવાર માટે ઈજાગ્રસ્ત હાલતમાં લાવવામાં આવ્યા હતા. બંનેએ કરેલા આક્ષેપ મુજબ તેઓની પાસે અલ્ટો કાર છે જેમાં પેસેન્જર બેસાડી ફેરા કરે છે.આશિષ અને મહેશ પડધરી નજીક આવેલ હરીપ્રિયા કંપની પાસે રવેચી પાન સેન્ટરે હતા ત્યારે હરીપ્રિયા કંપનીના ચાર શ્રમિકોએ રાજકોટ જવા માટે અલ્ટો કાર ભાડે બાંધી હતી. આશિષે ૪૫૦ રૂપિયા ભાડુ નકકી કર્યુ હતું. જેથી ત્યાં હાજર સીએનજી કારના ચાલક મેશરૂ ગોવિંદ ઝાપડા અને દેવરાજ ગોવિંદ ઝાપડાએ પેસેન્જર કેમ બેસાડયા તેમ કહી ઝઘડો કર્યો હતો અને પેસેન્જરને નીચે ઉતારી દીધા હતા જેથી બંને પક્ષે ઝઘડો થતા દેવરાજ અને મેશરૂએ હાથમાં પહેરવાના કડાથી આશિષ અને મહેશને માર મારતા બંનેને ઈજા થતા સારવારમાં ખસેડાયા હતા.

# શહેરીજનોને 'યોગ દિવસ'ની શુભેચ્છા પાઠવતા મુકેશ દોશી



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૨૦

શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વીન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ શહેરીજનોને યોગ દિવસની શુભેચ્છા પાઠવતા જણાવેલ કે આવતીકાલે તા.૨૧ જૂન 'યોગ દિવસ' છે ત્યારે 'યોગ' વિદ્યા એ શરીરને આત્મા સાથે જોડતી મહર્ષિ પતંજલીએ આપેલી વિશ્વને અમુલ્ય ભેટ છે. ભૌતિકતાની દોડમાં આ વિદ્યા તથા સ્વાસ્થ્યપ્રદ જીવનપદ્ધતિનું મહત્વ વીસરાઈ જવાતુ હતું વધુમાં તેઓએ જણાવેલ કે શહેરના તમામ વોર્ડમાં અને મોરચાઓ દ્વારા યોગ દિવસ ઉજવણી અંતર્ગત આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમના ઇન્ચાર્જ તરીકે ડો. માધવ દવે, પરિમલભાઈ પરડવા જવાબદારી સંભાળશે તેમજ વોર્ડમાં ઇન્ચાર્જ તરીકે વોર્ડના પ્રભારીઓ અને વોર્ડના પ્રમુખને જવાબદારી સોંપવામાં આવી છે. આ કાર્યક્રમ જે તે વોર્ડમાં રાખવામાં આવેલ સ્થળ ઉપર ગોઠવવામાં આવ્યો છે. જેમાં પક્ષના અગ્રણી હોદેદારની ખાસ ઉપસ્થિતી રહેશે તે મુજબ વોર્ડ નં. ૧ નો કાર્યક્રમ શાળા ન.૬૯ અંબાજી કડવા પ્લોટ ખાતે શહેર ભાજપ મહામંત્રી ડો.માધવભાઈ દવેની ઉપસ્થિતમાં યોજવામાં આવશે. વોર્ડ ન.૨ માં સૌરભ સોસાયટીનું મેદાન, રૈયા રોડ ખાતે પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયાની ઉપસ્થિતમાં, વોર્ડ નં.૩ છત્રપતિ શિવાજી ટાઉનશીલ, (૨ બેડ) કર્ણાવતી સ્કુલવાળા રોડ ઉપર દંડક મનીષ રાડીયાની ઉપસ્થિતમાં, વોર્ડ નં.૪ અક્ષર પાર્ટી પ્લોટ, કુવાડવા રોડ ખાતે મહામંત્રી અશ્વિન મોલીયાની ઉપસ્થિત, વોર્ડ નં.૫ શાળા નં.૬૭, માલધારી સોસાયટી મેયર નયનાબેન પેઢડીયાની ઉપસ્થિતમાં, વોર્ડ નં.૬ ગોકુલ સ્કુલ, માંડા ડુંગર ખાતે ધારાસભ્ય ઉદયભાઈ કાનગડની ઉપસ્થિતમાં, વોર્ડ નં.૭ નરેન્દ્રકુંવરબા સ્કુલ, કરણપરા ચોક પાસે ખાતે રાજકોટ સાંસદ પરશોતમ રૂપાલાની ઉપસ્થિતમાં, વોર્ડ નં.૮ માં રાજ રેસીડેન્સીની બાજુમાં, સરદાર બગીચા ખાતે પ્રદેશ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરાની ઉપસ્થિતમાં, વોર્ડ નં.૯ અક્ષર સ્કુલ, વોર્ડ નં.૯ ની ઓફીસ પાસે, રાજયસભા સાંસદ રામભાઈ મોકરીયાની ઉપસ્થિતમાં, વોર્ડ નં. ૧૦ માં બિપવન પાર્ક, સાંઈ બાબા સોસા.પાછળ શહેર પ્રમુખ મુકેશભાઈ દોશી ઉપસ્થિતમાં, વોર્ડ નં.૧૧ ન્યુ ગાંધી સોસાયટીનો કોમન પ્લોટ ખાતે કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયાની ઉપસ્થિતમાં, વોર્ડ નં.૧૨ તપન હાઈટસની પાછળનું આર.એમ.સી.ગાર્ડન, ૮૦ ફુટ રોડ ખાતે શહેર ભાજપ પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, વોર્ડ નં.૧૩ શાળા નં.૬૯ અંબાજી કડવા પ્લોટ ખાતે મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, વોર્ડ નં.૧૪ શાળા નં.૬૧ પૃથ્વીરાજસિંહ ચૌહાણ શાળા, જીલ્લા ગાર્ડન બગીચા ખાતે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, વોર્ડ નં.૧૫ આરએમસી શાળા નં.૬૬ ગંજીવાડા ખાતે ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, વોર્ડ નં.૧૬ શાળા નં.૪૯, સાગર સોસાયટી સામે, સરદાર પટેલ દવાખાના પાછળ, સ્ટેન્ડીંગ ચેરમેન જયમીનભાઈ ઠાકર, વોર્ડ નં.૧૭ શાળા નં.૬૩, દેવપરા, કોઠારીયા રોડ ખાતે શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, વોર્ડ નં.૧૮ પ્રમોદાબેન કોટેચા સ્કુલ, કોઠારીયા ગામ ખાતે પ્રદેશ મહિલા મોરચાના મંત્રી બીનાબેન આચાર્યની ખાસ ઉપસ્થિતી શહેશે.

શહેર ભાજપના તમામ મોરચાનો કાર્યક્રમ આજે કરવામાં આવશે. શહેર ભાજપ મોરચાનો યોગ દિવસનો કાર્યક્રમની મોરચાના પ્રમુખને જવાબદારી સોંપવામાં આવી છે. શહેર ભાજપ યુવા મોરચાનો કાર્યક્રમ યુવા મોરચો બી.જી.ગરૈયા કોલેજ, કાળીપાટ સમય-સાંજે ૭ કલાકે તા.૨૧-૦૬ ના રોજ યોજવામાં આવશે. શહેર ભાજપ મહિલા મોરચાનો કાર્યક્રમ મહિલા મોરચો રેસકોર્ષ, યોગા ગ્રાઉન્ડ, ઈન્ડોર સ્ટેડીયમના દરવાજા પાસે, સમય સાંજે ૫.૩૦ કલાકે તેમજ બક્ષીપંચ મોરચો શિક્ષણ સમિતીનું ગ્રાઉન્ડ, કરણપરા ચોક સમય સાંજે ૬ કલાકે, કિશાન મોરચો સરદાર પટેલ ગાર્ડન, અંબિકા ટાઉનશીપ સમય સાંજે ૬.૩૦ કલાકે, અનુસુચિત જાતી મોરચો એમ.જી. હોસ્ટેલ, કાલાવડ રોડ, સમય સાંજે ૬ કલાકે, લઘુમતી મોરચો વોરા સોસાયટી, માધાપર ચોકડી પાસે (ગાંધી સોસાયટી), સમય સાંજે ૬ કલાકે, અનુસુચિત જનજાતી મોરચો મેસોનીક હોલ, ભુતખાના ચોક સમય સાંજે ૬ કલાકે આ કાર્યક્રમ યોજવામાં આવશે.તેમ જણાવ્યુ છે.

# કોપર એલીગેન્સ સરોવરનું ડો.ગીરીશ શાહના હસ્તે લોકાર્પણ




(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૨૦

સૌરાષ્ટ્ર ગુજરાતમાં અલગ-અલગ જીલ્લામાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૮૦ થી વધુ ચેકડેમ રિપેરિંગ, ઊંડા અને ઊંચા કરવા તેમજ નવા બનાવેલ છે. જેનાથી વરસાદી પાણી વિશાળ જથ્થામાં રોકયેલ છે. તેમજ આર્થિક દ્રષ્ટીએ જોઈએ તો ખેડૂતોને ખુબજ આર્થિક મોટો ફાયદો થવાથી પશુ પક્ષી અને જીવજંતુને સર્વેની રક્ષા થઈ રહી છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૧,૧૧૧ ચેકડેમો તૈયાર કરવાનો તેમજ બોરરીચાર્જ કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં રાજકોટ શહેરમાં ૧૦ થી વધુ ચેકડેમો તથા ૨૮ થી વધુ બોર રિચાર્જ થયા છે જેનાથી રાજકોટ શહેરમાં વરસાદી પાણીથી ભૂગર્ભની જળસપાટી ૧૫૦૦ થી ૨૫૦૦ ફૂટ ઉડાય સુધી ખારું તૂરુ અને કડછુ પાણી છે તેના બદલે વરસાદી મીઠા પાણીના તળ ખુબજ ઉંચા આવશે જેનાથી લોકોના આરોગ્યમાં સુધારો થાશે અને પર્યાવરણનું જતન થાશે તો શહેરની અંદર દરેક વોકળામાં ગંદા પાણી બંધ કરી અને વરસાદી શુદ્ધ પાણી રોકવા માટે ૧૨૫ થી વધુ ચેકડેમ બને તેમ છે તો તાત્કાલિક વોકળામાંથી દબાણ દુર થાય તો સરસ મજાના લોકભાગીદારીથી ચેકડેમ તૈયાર થાય સાથે સાથે પાણી પ્રશ્ન દુર થાય.રાજકોટ કોપર એલીગ્રસ સરોવરનું બાબુ લાઈમ (લુણાગારીયા) પરિવાર તથા હરિભાઈ ચૌહાણ પરિવારના આર્થિક સહયોગ થી પોલીસ હેડકવાટર માં બનેલ કોપર એલીગેન્સ સરોવરનું જૈન સમાજના જીવદયા પ્રેમી ડો. ગીરીશભાઈ શાહના હસ્તે લોકાર્પણ



કરવામાં આવે ત્યાં શહેરના મહાનુભાવો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખિયા, પ્રકૃતિ પ્રેમી દિનેશભાઈ પટેલ, જમનભાઈ ડેકોરા, પ્રતાપભાઈ પટેલ, અમુભાઈ ભારદીયા, વિરાભાઈ હુંબલ, ગોપાલભાઈ બાલધા,બાબુ લાઈમ (લુણાગારીયા પરિવાર), હરિભાઈ ચૌહાણ પરિવાર, અશોકભાઈ મોલિયા, મનીષભાઈ માયાણી, રતિભાઈ ઠુમ્મર, વિઠ્ઠલભાઈ બાલધા, રમેશભાઈ જેતાણી, વસંતભાઈ લીંબાસીયા, પ્રવીણભાઈ ભુવા, ભરતભાઈ ભીમાણી, હરીશભાઈ લાખાણી, રમેશભાઈ ઠક્કર, કાન્તીભાઈ ભૂત, પ્રકાશભાઈ કનેરિયા સતીશભાઈ બેરા, ગુણુભાઈ તેમજ ઘણા ભાઈઓ અને બહેનો હાજર રહ્યા હતા.તેમ જણાવ્યુ છે.

# કર્મયોગ મંદિર દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાશે

## કર્મયોગી ડોક્ટર રાજીવ મિશ્રા દ્વારા યોગ અને પ્રાણાયામની સાથે કર્મજ્ઞાનની સુંદર વ્યાખ્યાન માળા પણ યોજાશે : પ્રવેશ નિઃશુલ્ક રહેશે

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૨૦

કર્મયોગી અને મોટીવેશન ગુરુ ડોક્ટર રાજીવ મિશ્રા દ્વારા સંચાલિત કર્મયોગ મંદિર દ્વારા કાલે તારીખ ૨૧ જુન ને શુક્રવારના દિવસે સવારે સાત થી આઠ વાગ્યે દરમિયાન વિશ્વ યોગ દિવસની ગરિમા પૂર્ણ ઉજવણી કરાશે તેમજ સવારે ૮ થી ૮:૧૫ દરમિયાન ડોક્ટર મિશ્રા દ્વારા કર્મયોગ પર સુંદર વ્યાખ્યાન માળા યોજાશે આ યોગ અને કર્મયોગ ના કાર્યકર્મમાં પ્રવેશ બિલકુલ નિશુલ્ક રહેશે વિશ્વ યોગ દિવસના કાર્યક્રમમાં પધારવા શહેરીજનોને કર્મયોગ મંદિર દ્વારા



હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે આ માટેનું સ્થળ કર્મયોગ મંદિર, ઈવનિંગ પોસ્ટ, જુબેલી બાગ પાસે, રાજકોટ ડિસ્ટ્રીક્ટ કોપરેટીવ બેંકની બાજુમાં રાજકોટ રહેશે.તેમ જણાવ્યુ છે.

# વિશ્વમાં દર ચોથો બાળક ભૂખનો શિકાર

## ગંભીર બાળ ખાદ્ય ગરીબીની શ્રેણીમાં ૪૦ ટકા ઉપરાંત ભારતમાં ૩૬ ટકા બાળકો મધ્યમ ચાઇલ્ડ ફૂડ ગરીબીની પકડમાં

નવી દિલ્હી,તા.૨૦

યુનિસેફે બાળકોની ગરીબી અંગે એક રિપોર્ટ જાહેર કર્યો છે. જેમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. ભારત વિશ્વના સૌથી ખરાબ દેશોમાં સામેલ છે જ્યાં બાળકોને યોગ્ય પોષણ મળતું નથી. ભારત કરતાં પાકિસ્તાનની સ્થિતિ સારી છે. જો આપણે દક્ષિણ એશિયાના દેશોની વાત કરીએ તો અફઘાનિસ્તાનમાં બાળ ગરીબીની સ્થિતિ ભારત કરતા પણ ખરાબ છે. રિપોર્ટ દર્શાવે છે કે વિશ્વમાં દર ચોથો બાળક ભૂખનો શિકાર છે અને સારો આહાર મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે. ૧૮૧ મિલિયન બાળકોમાંથી ૬૫ ટકા ગંભીર ભૂખમરામાં જીવવા માટે મજબૂર છે.



યુનિસેફના આંકડા દર્શાવે છે કે વૈશ્વિક સ્તરે ૪ માંથી ૧ બાળક ગંભીર શ્રેણીમાં આવે છે અને ખૂબ જ નબળા આહાર સાથે જીવે છે. યુનિસેફે તેના 'બાળ પોષણ રિપોર્ટ ૨૦૨૪'માં ૯૨ દેશો પર સંશોધન કર્યું હતું. બાળ ખાદ્ય ગરીબી અંગેના યુનિસેફના અહેવાલમાં ૫ વર્ષ સુધીના બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. એ તપાસવામાં આવે છે કે બાળકોને પોષણયુક્ત અને વૈવિધ્યસભર આહાર મળી રહ્યો છે કે નહીં? ગંભીર બાળ ખાદ્ય ગરીબીમાં નબળું ખોરાક, નબળી પર્યાવરણીય પરિસ્થિતિઓ અને ઘરની આવક જે બાળકો અને તેમના પરિવારોને અસર કરે છે નો સમાવેશ થાય છે.

અહેવાલ મુજબ, ગંભીર બાળ ખોરાક ગરીબીમાં જીવતા બાળકોની ટકાવારી બેલારુસમાં ૧% થી સોમાલિયામાં ૬૩ છે. સોમાલિયા પછી ગિની (૫૪%), ગિની-બિસાઉ (૫૩%), અફઘાનિસ્તાન (૪૯%), સિએરા લિયોન (૪૭%), ઈથોપિયા (૪૬%) અને લાઈબેરિયા (૪૩%)માં સ્થિતિ સૌથી ખરાબ છે. ભારતમાં બાળ ગરીબીનો આંકડો ૪૦% છે જે ખૂબ જ ગંભીર શ્રેણીમાં આવે છે. પાકિસ્તાનની સ્થિતિ ભારત કરતા સારી છે, અહીંના ૩૮ ટકા બાળકો ભૂખમરાનો શિકાર છે. રિપોર્ટ દર્શાવે છે કે ભારત એવા ૨૦ દેશોમાંનો એક છે જ્યાં બાળકોને જરૂરી પોષણયુક્ત ખોરાક મળતો નથી. આ શ્રેણીમાં ભારતની સાથે અફઘાનિસ્તાન અને પાકિસ્તાન પણ સામેલ છે.

રિપોર્ટ અનુસાર, વિશ્વમાં ૫ વર્ષથી ઓછી ઉંમરના ૩ માંથી ૨ બાળકો (૬૬%) ભૂખનો શિકાર છે. આ અંદાજિત ૪૪૦ મિલિયન બાળકોની સમકક્ષ છે જેમને પોષક અને પર્યાપ્ત આહાર નથી મળતો.

ભારત અંગેનો અહેવાલ પણ ચોંકાવનારો છે કારણ કે ગંભીર બાળ ખાદ્ય ગરીબીની શ્રેણીમાં ૪૦ ટકા ઉપરાંત ભારતમાં ૩૬ ટકા બાળકો મધ્યમ ચાઇલ્ડ ફૂડ ગરીબીની પકડમાં છે. આ મુજબ, બંનેનો આંકડો મળીને ૭૬ ટકા સુધી પહોંચે છે, જે દર્શાવે છે કે અફઘાનિસ્તાન પછી ભારત દક્ષિણ એશિયામાં બીજા નંબરનો સૌથી ખરાબ દેશ છે.

# રાજકોટ નાગરિક સહકારી બેંક દ્વારા સભાસદોના સંતાનોને શૈક્ષણિક પુરસ્કાર અને સ્કોલરશીપ અપાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૦

ફક્ત બેંકિંગ જ નહિ, સામાજીક ઉત્તરદાયિત્વ સાથે કાર્ય કરતી, રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ સભાસદોના સંતાનોને શૈક્ષણિક પુરસ્કાર અને સ્કોલરશીપ આપવામાં આવશે.

બેંકના કાર્યકારી ચેરમેન જીમ્મીભાઇ દક્ષીણી જણાવે છે કે 'માર્ચ-૨૦૨૪માં લેવાયેલી ધો. ૧૦, ધો. ૧૨ની પરીક્ષામાં બેંકના સભાસદોનાં સંતાનો કે સભાસદ, જેઓએ એ-૧ અને એ-૨ ગ્રેડ મેળવેલા છે તેઓને શૈક્ષણિક પુરસ્કાર આપવામાં આવશે. આવી જ રીતે માર્ચ ૨૦૨૪માં લેવાયેલ ધો. ૧૨ની પરીક્ષામાં ઉર્તીણ થયેલા હોય, તેવા વિદ્યાર્થીઓ સ્કોલરશીપ (આર્થિક સહાય) યોજનાનો પણ લાભ મેળવી શકશે. તેમાં જનરલ કેટેગરીમાં એ-૧ અને એ-૨ ગ્રેડ મેળવેલ વિદ્યાર્થીઓ અને આર્થિક રીતે પછાતની કેટેગરીમાં બી-૧ અને બી-૨ ગ્રેડ મેળવેલા વિદ્યાર્થીઓ પણ માન્ય ગણાશે. આર્થિક રીતે પછાતની કેટેગરીમાં, સરકારમાન્ય અધીકારીનાં આર્થિક રીતે પછાત હોવાના દાખલાની ઝેરોક્ષ જોડવાની રહેશે. આ યોજનાનો સભાસદ પરિવારજનો મહત્તમ લાભ મેળવે તેવી હાર્દિક અપીલ છે.'

વિસ્તૃત માહિતી જણાવીએ તો, આ માટેનાં નિયત ફોર્મનું વિતરણ શરૂ થયું છે. ફોર્મ રાજકોટ શહેરની અને બહારગામની તમામ શાખાઓથી મળે છે. ફોર્મમાં સંપુર્ણ વિગતો ભરી પરત આપવાની અંતિમ તા. ૧૫ જુલાઇ ૨૦૨૪ને બુધવાર છે. ફોર્મ માટેનો સમય સોમવારથી શનિવાર (બીજો - ચોથો શનિવાર, રવિવાર અને જાહેર રજાના દિવસો સિવાય) સવારના ૧૧ થી ૪નો છે. સંપુર્ણ વિગતો સાથે ફોર્મ બહારગામમાં જે તે શાખામાં અને રાજકોટ શહેરમાં ફક્ત રાજકોટ નાગરિક સહકારી બેંક લિ., હેડ ઓફિસ, 'અરવિંદભાઇ મણીઆર નાગરિક સેવાલય', સેક્રેટરી વિભાગ, ચોથો માળ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ ખાતે પરત આપવાના રહેશે.

ખાસ, શૈક્ષણિક પુરસ્કાર યોજનાનો લાભ લેવા માટે વિદ્યાર્થીનું અથવા માતા કે પિતાનું સભ્યપદ જ માન્ય ગણાય છે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે બેંક દ્વારા ૧૦ વર્ષથી ૧૮ વર્ષ સુધીના માયનોર બાળકોના બચત ખાતા ખોલી નિયત રકમનાં વ્યવહાર સાથે સ્વતંત્ર રીતે બેંકિંગ કરવાની સુવિધા આપવામાં આવે છે. તેમની જ સહીથી ચેક લખી શકાય છે. આમ, બાળકોમાં બાળપણથી જ બેંક વ્યવહાર સાથે બચતની ટેવ કેળવી શકાય છે. માયનોર બાળકોની પોતાની સહીથી ખાતામાં વ્યવહાર થાય તેવી સુવિધા આપનાર ગુજરાતની સર્વપ્રથમ સહકારી બેંક છે.

# સ્કુલવાન સંચાલકોની હડતાલ સમેટાઈ જતા વાલીઓમાં ખુશીનો માહોલ

રાજકોટ,તા.૨૦

અગ્નિકાંડ બાદ સરકારના તમામદ વિભાગો એક્શન મોડ પર આવી ગયા હતાં. મનપાના ફાયર વિભાગે અલગ અલગ ટીમો શહેરમાં ઉતારી અસંખ્ય સ્કૂલો, હોસ્પિટલો સીલ કરી દીધી હતી. તો સ્કૂલવાનના ચાલકો વિદ્યાર્થીઓને સીએનજી ટાંકી પર બાકડો ફીટ કરી બેસાડતા હોય તે અનઅધિકૃત હોવાથી આરટીઓએ પણ કડક હાથે કામગીરી શરૂ કરી હતી અને તમામ વાન ચાલકોને તાબડતોબ તેમના વાહનો ટેક્સી પાર્સીંગ કરવાની સૂચના આપી હતી. જેના વિરોધમાં રાજકોટ સહિત સમગ્ર ગુજરાતના સ્કૂલવાન અને રીક્ષા ચાલકો હડતાલ પર ઉતરી ગયા હતાં. ગઈકાલે અમદાવાદ તરફથી એવી જાહેરાત કરવામાં આવી હતી કે આ હડતાલ અચોક્કસ મુદત સુધી ચાલુ રહેશે ત્યારે રાજકોટના 3000 વાનચાલકોએ રોજીરોટીની ઉપાધીમાં અને સરકાર તરફથી મળેલી સુચના બાદ હડતાલને સમાપ્ત કરી છે અને સવારથી જ વિદ્યાર્થીઓને તેડવામુકવાની વર્ધી ચાલુ કરી દેવામાં આવી છે. જેનાથી વાલીઓમાં પણ ખુશીનો માહોલ છવાઈ ગયો છે. સ્કૂલવાન એસોસીએશનના પ્રમુખ બહાદૂરસિંહે મીડિયાને જણાવ્યું હતુ કે, રાજકોટમાં સ્કૂલ વાનમાં CNG કીટ ઉપર બાંકડા હોય તો ટેક્સી પાસિંગ કરાવી આપવામાં આવતું નથી. જ્યારે રાજ્યનાં અન્ય જિલ્લાઓમાં આ પ્રકારનો કોઈ નિયમ નથી. પછી, રાજકોટ આરટીઓ કચેરી દ્વારા તમને સ્કૂલવાનમાં CNG કીટ ઊપર બાંકડા મૂકવાની મંજૂરી આપવામા આવે તો જ ૧૪ વિદ્યાર્થીઓને બેસાડી શકાશે. શાળાઓ શરૂ કરવા માટે શરતી મંજૂરી તંત્ર દ્વારા આપવામાં આવી છે તો અમને સ્કૂલ વાનચાલકોને પણ ૩ માસની મુદ્દત આપવામા આવે તેવી માગ છે. આ બાબતે અમે રાજકોટ લોકસભાના ભાજપના સાંસદ પરસોત્તમ રૂપાલાને પણ રજૂઆત કરી હતી. જે મામલે સરકાર સુધી માહિતી પહોંચતા સરકારે હાલના તબક્કે આરટીઓ અધિકારીઓને કાર્યવાહી નહીં કરવા માટે મૌખીક સુચના આપી દીધી છે. આ ઉપરાંત એવુ પણ સરકારે જાહેર કર્યુ છે કે, આ મામલે એક કમીટી બનાવવામાં આવી છે. આ કમીટી દ્વારા પ્રાથમિક અહેવાલ તૈયાર કરવામાં આવશે. તે અહેવાલના આધારે સ્કૂલવાન અને રીક્ષા માટે માર્ગદર્શિકા તૈયાર કરાશે તે મુજબ તમામે પાલન કરવાનું રહેશે. ત્યાં સુધી સ્કૂલવાન અને રીક્ષા ચાલકો તેમના વાહનો રાબેતા મુજબ ચલાવી શકશે આમ આ માહિતી બાદ રાજકોટ શહેર સ્કૂલવાન એસોસીએશન દ્વારા હડતાલને સમેટી લેવામાં આવી છે.

# પરિણીતાને સાસરીયાએ ઘરમાંથી કાઢી મૂકતા ફરિયાદ



રાજકોટ,તા.૨૦

શહેરમાં વધુ એક પરિણીતાને સાસરીયાઓ ત્રાસ આપતા હોવાની ફરિયાદ મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. રાજકોટ શહેરના કોઠારીયા રોડ ઉપર આવેલ રણુજાનગરમાં રહેતી પરિણીતાએ પોલીસમાં પતિ કલ્પેશભાઈ, સાસુ સુશીલાબેન, જેઠ અંકિતભાઈ, જેઠાણી શ્વેતાબેન સહિતના સાસરીયા સામે માનસિક ત્રાસ આપી ઘરમાંથી કાઢી મૂક્યાની ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદી પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યુ છે કે, ગત વર્ષે તા.૧૪.૧૨.૨૦૨૩ના રોજ કાંતીલાલ ઉર્ફે કનુભાઈ રાઠોડના દીકરા સાથે તેમના લગ્ન થયા હતા. બાદમાં તેઓ સંયુક્ત કુટુંબમાં રહેવા ગયા હતા અને લગ્નના ત્રીજા દિવસ બાદ સાસુ અને જેઠાણી ઘરકામ તેમજ રસોઈ બાબતે મેણા મારી ત્રાસ આપવાનું શરૂ કરી દીધુ હતું. સાસુ અને જેઠાણી કહેતા કે, તને કોઈ કામ આવડતું નથી. તને તારા માવતરે કશું શિખડાવ્યુ નથી, કહી હેરાનગતિ કરતાં હોવાથી પતિને વાત કરતાં મારો સાથ આપવાને બદલે સાસરીયાનો સાથ આપી ઝઘડો કરતા હતો.

એટલું જ નહિ સાસુ એમ પણ કહેતા કે, તારા માવતરેથી તને ઓછા દાગીના આપ્યા છે. મોટી વહુને તો તારા કરતા વધારે દાગીના આપ્યા છે. તારો કરિયાવરનો સામાન સારો નથી, તેમ કહી માનસિક ટોર્ચર કરતા હતા. બાદમાં પ્રેગ્નેન્સી સમયે તબીબે આરામ કરવાનું કહ્યું હતું તો પણ સાસુએ મને એવું નહીં ચાલે ઘરનું કામ તારે જ કરવાનું છે, કહી ત્રાસ આપતાં હતા. જેથી અંતે કંટાળી પરિણીતાએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદના આધારે આગળની તપાસ હાથ ધરી છે.

# ૨૫ જૂને રાજકોટ સ્વયંભૂ બંધ રાખવા અપીલ કરતા કોંગ્રેસ આગેવાનો

## કિશન પરા ચોક થી રૈયા ચોકડી સુધી રાજકોટ બંધના એલાન અંગેની પત્રિકા વિતરણ કરવામાં આવી

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૦

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ અને રાજકોટ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ૨૫મી જુને રાજકોટ અડધો દિવસ બંધ રહે તે માટે અને અગ્નિકાંડના પીડિતોની પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ આપવા જડબેસલાક બંધના એલાનને સંદર્ભે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ અને જિલ્લા સમિતિના આગેવાનો દ્વારા આજે શહેરના કિસાનપરા ચોકથી રૈયા ચોકડી સુધી પગપાળા દ્વારા દરેક વેપારી આગેવાનો અને જાહેર જનતાને ૨૫મીના રાજકોટ અડધો દિવસ બંધના એલાન માં જોડાવા માટે અનુરોધ કરતી પત્રિકા વિતરણ માં રાજકોટ બંધના એલાન બાબતે લોકજાગૃતિ અંગે શહેરના આગેવાનો દ્વારા પત્રિકા વિતરણ કરી હતી.




રાજકોટ ખાતે ભયાનક અગ્નિકાંડમાં અનેક નિર્દોષ જીંદગી હોમાઈ ગઈ છે ત્યારે ગુજરાતના ભ્રષ્ટાચારી શાસકો અને ભ્રષ્ટ અધિકારીઓ દ્વારા ટીઆરપી ગેમ ઝોનમાં લાગેલી વિકરાળ આગમાં કોઈકનો લાડકવાયો તો કોઇકનો કંધોતર સરકારના ભ્રષ્ટ તંત્રને પગલે છીનવાયો છે. સમગ્ર ઘટનામાં નાના કર્મચારીઓ ને સકંજામાં લઈ સરકાર મોટા મગરમચ્છોને છાવરી રહી છે. અત્યારે આપણે સૌ સાથે મળી ન્યાયની લડત નહીં લડીએ તો આ ભ્રષ્ટ અધિકારીઓ ભ્રષ્ટ શાસકો દ્વારા આવી ઘટનાઓ સમયાંતરે બનતી રહેશે. રાજકોટ બંધના એલાન સંદર્ભે આજની પત્રિકા વિતરણમાં વડગામના ધારાસભ્ય જીગ્નેશભાઈ મેવાણી, સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈ, રાજકોટ શહેર અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસના આગેવાનો શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણી, મહેશભાઈ રાજપુત, જશવંતસિંહ ભટ્ટી, ડી પી મકવાણા, ગોપાલભાઈ અનડકટ, સલીમભાઈ કારિયાણી, ઘનશ્યામસિંહ જાડેજા, જીતુભાઈ ઠાકર, દિપ્તીબેન સોલંકી, મકવાણા શાંતાબેન, નયનાબા જાડેજા, જયાબેન ચૌહાણ, મીનાબેન જાદવ, મનીષાબા વાળા, જશુબા વાંક, હિરલબેન રાઠોડ, અહેસાન ચૌહાણ, દેવશીભાઈ દાફડા, રઘુરામ યાદવ, કૃષ્ણદત રાવલ, ગોવિંદભાઈ સભાયા, ચિંતનભાઈ દવે, સુરેશભાઈ બથવાર, મયુરભાઈ શાહ, હિતેશભાઈ વાઘેલા, ભાવેશભાઈ વાઘેલા, મયુરસિંહ પરમાર સહિતના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# રાજકોટ ગ્રામ્યમાં જુગારના દરોડા : ૯ લાખનો મુદ્દામાલ ગ્રામ્ય પોલીસે જપ્ત કર્યો

## ગોંડલ, કોટડા સાંગાણી,જસદણ, ઉપલેટા પંથકમાં દરોડા

રાજકોટ,તા.૨૦

રાજકોટ રૂરલ એલસીબીએ પીપલાણા ગામે થી ઘોડીપાસાના જુગાર રમતા ૮ સહિત રાજકોટ ગ્રામ્ય પંથકમાં પત્તા ટિંચતા ૨૬ ને દબોચી લીધા હતા. જ્યારે ૯ નાસી ગયા છે.પોલીસે કુલ રૂ.૯,૧૯,૬૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગાર ધારાની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રથમ દરોડાની વિગત મુજબ જસદણ પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન શીવરાજપુર ગામમાં સોસા શેરીમાં પત્તા ટિંચતા ઘુઘાભાઈ સામતભાઈ સોસા (ઉ.વ. ૪૬), હાર્દિકભાઈ પરસોત્તમભાઈ સોસા (ઉ.વ.૨૯) ને પકડી પાડ્યાં હતાં જ્યારે સુરેશભાઈ વલ્લભભાઇ સોસા, કુરજીભાઈ તળશીભાઇ સોસા, મહેશભાઈ ઉકડનભાઈ ભરવાડ, પુંજાભાઈ વાલાભાઈ ભરવાડ, નંદુભાઈ ધરમશીભાઈ બાવાજી, છગનભાઇ બાબુભાઇ સરીયા (રહે તમામ શિવરાજપુર ગામ તા.જસદણ)નાસી ગયા હતા. પોલીસે રોકડ રૂ.૧૧૪૩૦ કબ્જે કરી જુગાર ધારાની કલમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહિ કરી હતી.

બીજા દરોડાની વિગત મુજબ સુલતાનપુર પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન ખાનગી રાહે બાતમી મળેલ કે રાજુભાઈ નરેશભાઈ મકવાણા કેશવાળા ગામની સીમમા આવેલ પોતાના કબ્જા ભોગવટાવાળી ખેતીની જમીનમા આવેલ ઓરડીમા બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી જુગાર રમાડે છે. રાજુ નરેશભાઈ મકવાણા (ઉ.વ.૨૩), વજુભાઇ ઉર્ફે ભકુભાઈ વલ્લભભાઈ પરમાર (ઉ.વ.૪૦), પૃથ્વીરાજસિંહ રાજેન્દ્રસિંહ સરવૈયા (ઉ.વ.૪૯), મથુરભાઈ ભુપતભાઈ પરમાર (ઉ.વ. ૨૪), ભરતભાઈ શંભુભાઈ ધામેચા (ઉ.વ.૩૫), મુકેશભાઈ મનસુખભાઈ પરમાર (ઉ.વ.૨૫), અરવિંદભાઈ સોમાભાઈ ધામેચા (ઉ.વ.૪૧) (રહે તમામ કેશવાળા ગામ તા.ગોંડલ) ને દબોચી લીધા હતા. પોલીસે રોકડ રૂ.૫૩,૩૭૦ ત્રણ બાઈક સહિત રૂ.૧,૦૩,૩૭૦નો મુદ્દામાલ કબ્જે કરી જુગાર ધારાની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ ઉપરાંત ઉપલેટા પોલીસ મથકના સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન હકીકત મળેલ કે જગદીશભાઈ રામદેભાઈ કરંગીયા પોતાની ઇસરા ગામની સીમમા આવેલ પોતાના કબ્જા ભોગવટાની વાડીના મકાનમા બહારથી માણસો જુગારનો અખાડો ચલાવે છે. જે બાતમીનાં આધારે દરોડો પાડી જગદીશભાઈ રામદેભાઈ કરંગીયા (ઉ.વ.૩૫, રહે. ઉપલેટા),રામજી ઉર્ફે રામદે ગોગનભાઈ ભોગેશરા (ઉ.વ.૨૯, રહે, અમર ગામ તા. કુતીયાણા), રમેશભાઈ લક્ષ્મભાઈ જોગ (ઉ.વ.૩૬, રહે. ઉપલેટા), ચનાભાઈ દેવાભાઈ બામણીયા (ઉ.વ.૩૩, રહે. અમર ગામ, તા-કુતીયાણા), રાજુભાઈ સામતભાઈ ઓડેદરા (ઉ.વ.૩૦ રહે.ભાડ ગામ જી. પોરબંદર) ને પકડી પાડ્યાં હતાં.

પોલીસે રોકડ રૂ.૧,૦૩,૩૩૦ કબ્જે કરી જુગાર ધારાની કલમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહિ કરી હતી. વધું એક દરોડામાં ઉપલેટા પોલીસે ગાધા ગામથી આગળ રોડ ની સાઇડમાં આવેલ પીઠડ કુપા ફાર્મ નામની વાડીની પાસે જુગાર રમતા ગોપાલભાઇ કારાભાઈ મારડીયા, દેવાયતભાઇ ગોવીંદભાઇ કરમુર, કાનજીભાઈ જીવરાજભાઈ સુત-રીયા, વીપુલભાઈ બાબુભાઇ કાલરીયા, ગીરધરભાઈ કાનજીભાઈ બગસરીયા, રાજુભાઈ સવાભાઈ ચંદ્રવાડીયાને દબોચી લઈ રોકડ રૂ.૬૫૪૦ કબ્જે કર્યા હતા.

પીપલાણામાં મોટા પાયે ઘોડી પાસાનો અખાડો ચાલતો'તો, ૬.૯૫ લાખના મુદ્દામાલ સાથે ૫ ઝબ્બે, પીઆઈ ઓડેદરાના માર્ગદર્શનમાં પીએસઆઇ ગોહિલની ટીમના એએસઆઇ બ્રિજરાજસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ અનિલભાઈ ગુજરાતી, દિગ્વિજયસિંહ રાઠોડ, વાઘાભાઇ આલની બાતમી આધારે કાર્યવાહી

કોટડા સાંગાણીના પીપલાણા ગામમાંથી રૂ.૬.૯૫ લાખના મુદામાલ સાથે પાંચ શખ્સોને ઘોડી પાસાનો જુગાર રમતા ઝડપી લઈ રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી.ની ટીમે કાયદેસર કાર્યવાહી કરી હતી.

એલસીબીના સૂત્રોએ જણાવ્યું કે, રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને રાજકોટ જિલ્લાના નાયબ પોલીસ મહાનિરીક્ષક એસપી જયપાલસિંહ રાઠોડ દ્વારા દારૂ - જુગારની પ્રવૃતિને નેસ્ત નાબુદ કરવા સૂચના અપાઈ હતી. જે અન્વયે પીઆઈ વી.વી. ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એચ.સી.ગોહિલની ટીમ કાર્યરત હતી. ત્યારે ટીમના એ.એસ.આઇ. બ્રિજરાજસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ અનિલભાઈ ગુજરાતી, દિગ્વિજયસિંહ રાઠોડ, વાઘાભાઇ આલને બાતમી મળતા પીપલાણા ગામની સીમમાં આવેલ રાજન જુમ્માભાઇ દલ (રહે.રાજકોટ રસુલપરા કોઠારીયા સોલ્વન્ટ)ના કબજા ભોગવટાના મકાનમાં દરોડો પાડતા પાંચ શખ્સો ઘોડી પાસાનો જુગાર રમતા ઝડપાયા હતા. આરોપીઓ પાસેથી રોકડ રૂપિયા ૧.૬૦ લાખ તથા એક કાર, પાંચ મોબાઈલ ફોન મળી રૂ.૬.૯૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો હતો.

પકડાયેલ આરોપીઓમાં (૧) કરણ ઉર્ફે નનકુ દદુ ચાવડા (રહે.રાજકોટ, રૂખડીયા કોલોની જેલની પાછળ, નકળંગપરા શેરી નં.૮), (૨) રજાક નુરમહંમદ ચુડાસમા (રહે.રાજકોટ, નવા થોરાળા રામનગર સોસાયટી શેરી નં.૧૦), (૩) ધર્મેશ ભોજરાજ જેઠાણી (રહે.રાજકોટ, જંકશન પ્લોટ,) (૫) સુશીલ જમનાદાસ બખતીયાપુરી (રહે.રાજકોટ જંકશન પ્લોટ, શેરી નં.૧૫)નો સમાવેશ થાય છે. આ કલબ રાજકોટ રૂખડીયા કોલોનીનો કરણ ઉર્ફે નનકુ ચલાવતો હતો.

આ કામગીરી પીઆઈ વી.વી.ઓડેદરા, એચ.સી.ગોહિલ, પીએસઆઇ ડી.જી.બડવા, એ.એસ.આઈ. બ્રિજરાજસિંહ જાડેજા, બાલકૃષ્ણભાઇ ત્રિવેદી, અમીતસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ અનિલભાઇ ગુજરાતી, વાઘાભાઇ આલ, દિગ્વિજયસિંહ રાઠોડ, ધનશ્યામસિંહ જાડેજા, કોન્સ્ટેબલ રસીકભાઈ જમોડ, ભાવેશભાઈ મકવાણા, વિરમભાઈ સમેચા વિગેરે દ્વારા કરવામાં આવેલ હતી.

# હારેલા મંત્રીઓને સરકારી બંગલો ખાલી કરવાની સૂચના

## બંગલો ખાલી કરવા માટે ૧૧મી જુલાઈ સુધીનો સમય;શહેરી વિકાસ મંત્રાલય હેઠળના સ્ટેટસ ડિરેક્ટરે એક નોટિસ જારી કરી



નવી દિલ્હી,તા.૨૦

વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં નવી સરકારની રચના કરવામાં આવી છે. હવે ૧૮મી લોકસભા માટે તમામ વિજેતા સાંસદો લોકસભામાં શપથ લેશે. ૨૪ જૂનથી શરૂ થનારા લોકસભા સત્રમાં શપથ લેવડાવવામાં આવશે. આમાં ઘણા એવા સાંસદો છે જે બીજી કે ત્રીજી વખત ગૃહમાં પ્રવેશ કરશે.ઘણા એવા છે જેઓ પ્રથમ વખત સાંસદ બન્યા છે.

વર્તમાન સાંસદોના રહેઠાણ યથાવત રહેશે, પરંતુ જેઓ પહેલીવાર સાંસદ બન્યા છે તેમને સરકારી બંગલા ફાળવવામાં આવશે. આ સાથે લોકસભાની ચૂંટણીમાં હારેલા સાંસદોએ તેમના નિવાસસ્થાન છોડવા પડશે. સૂત્રોના જણાવ્યા અનુસાર લોકસભા ચૂંટણીમાં હારેલા મંત્રીઓને બંગલો ખાલી કરવાની સૂચના આપવામાં આવી છે. તેમની પાસે બંગલો ખાલી કરવા માટે ૧૧મી જુલાઈ સુધીનો સમય છે. શહેરી વિકાસ મંત્રાલય હેઠળના સ્ટેટસ ડિરેક્ટરે નોટિસ જારી કરી

પરાજિત મંત્રીઓમાં સ્મૃતિ ઈરાની, આર.કે. સિંહ, અર્જુન મુંડા, મહેન્દ્રનાથ પાંડે, સંજીવ બાલિયાન, રાજીવ ચંદ્રશેખર, કૈલાશ ચૌધરી, અજય મિશ્રા ટેની, વી મુરલીધરન, નિશિત પ્રામાણિક, સુભાષ સરકાર, સાધ્વી નિરંજન જ્યોતિ, રાવસાહેબ દાનવીર, કૌશલેશભાઈ, કૌશલેશ પટેલનો સમાવેશ થાય છે. કપિલ પાટીલ, ભગવંત ઢુબા, ભારતી પવાર વગેરેના નામ સામેલ છે. મીનાક્ષી લેખી જેવા નેતાઓ પણ છે જેમને ટિકિટ મળી નથી.

કેન્દ્રીય મંત્રીઓ અને સાંસદોને લ્યુટિયન્સ દિલ્હીમાં બંગલો ફાળવવામાં આવ્યો છે. સાંસદો અને મંત્રીઓને ગૃહની સભ્યપદના આધારે આવાસ મળે છે. પરાજિત સાંસદોની સદસ્યતા સમાપ્ત થયા પછી, તેઓએ એક મહિનામાં સરકારી બંગલો ખાલી કરવો પડશે. આ માટે નિયમિત નોટિસ જારી કરવામાં આવે છે. નોટિસ મળ્યા બાદ ૩૦ દિવસમાં ઘર ખાલી કરવાનું રહેશે.

સરકારી બંગલા પબ્લિક પ્રિમાઈસીસ ઈવિક્શન ઓફ અનઓથોરાઈઝ્ડ ઓક્યુપન્ટ્સ એક્ટ હેઠળ ખાલી કરવામાં આવે છે. કોઈપણ વિવાદના કિસ્સામાં, કારણ બતાવો નોટિસ આપવામાં આવે છે. ખાસ સંજોગોમાં બંગલો ખાલી કરવા માટે પણ બળ વાપરી શકાય છે.

# ૧૩૨ આસામીઓ પાસેથી ૩૬.૧૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત




**(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૨૦


મહાનગરપાલિકા દ્વારા ત્રણેય ઝોન વિસ્તારઅલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં તા.૧૯-૬ ના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૧૩૨ આસામીઓ પાસેથી ૩૬.૧૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૪૫૯૦૦ નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૪ આસામીઓ પાસેથી ૫.૬ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂા.૯૩૦૦ નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૫ આસામીઓ પાસેથી ૧૦.૭૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૫૬૦૦ નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશ રૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૫૩ આસામીઓ પાસેથી ૧૯.૮કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૧૦૦૦ નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપિનલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરશ્રીના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર- સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઈન્સ્પેકટર- સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ.




# કાળઝાળ ગરમીથી વેપાર-ધંધાને અસર

નવી દિલ્હી, તા.૨૦

દિલ્હી સહિત દેશભરમાં રેકોર્ડબ્રેક ગરમીથી માત્ર જનજીવન જ નહીં પરંતુ ધંધા-રોજગાર પણ ખરાબ રીતે પ્રભાવિત થયા છે. દિલ્હીના મુખ્ય બજારોમાં ખરીદીમાં ૪૦ થી ૫૦ ટકાનો ઘટાડો થયો છે. રેસ્ટોરન્ટની પણ આવી જ સ્થિતિ છે. દુકાનદારોનું કહેવું છે કે સવારથી વધતી જતી ગરમીને કારણે બજારોમાં ખરીદદારોની સંખ્યામાં ઝડપથી ઘટાડો થયો છે. ફળ અને શાકભાજી વેચનારાઓની પણ આવી જ હાલત છે. તેમનું કહેવું છે કે શાકભાજી અને ફળોના ખરીદદારોની સંખ્યામાં ઘટાડો થયો છે. બીજી સમસ્યા એ છે કે ભારે ગરમીના કારણે શાકભાજી અને ફળો એક-બે દિવસમાં બગડી જાય છે. જેના કારણે તેઓને બેવડું નુકસાન થઈ રહ્યું છે.

કનોટ પ્લેસના નવી દિલ્હી ટ્રેડર્સ એસોસિએશનના -મુખ અતુલ ગર્ગ કહે છે કે દર વર્ષે ઉનાળો આવે છે પરંતુ આ વખતે સખત ગરમી લાંબા સમય સુધી ચાલુ છે. જેના કારણે દિવસ દરમિયાન બજારમાં ગ્રાહકોની સંખ્યા ઘટી છે. આવતા ગ્રાહકો પણ પાંચ વાગ્યા પછી જ આવે છે. ગ્રેટર કૈલાશના એમ બ્લોક માર્કેટના પ્રમુખ રાજેન્દ્ર શારદા પણ કહે છે કે દિવસ દરમિયાન દુકાનો લગભગ ૧૧ વાગ્યાની આસપાસ ખુલે છે. ત્યાં સુધીમાં તે ગરમ થઈ જાય છે. દિવસભર બજારમાં થોડાક જ ગ્રાહકો આવે છે. ગ્રાહકો ચોક્કસપણે સાંજે આવે છે. લગભગ પચાસ ટકા ગ્રાહકો ઘટયા છે. સરોજિની નગર મિની માર્કેટના વડા અશોક રંધાવાના જણાવ્યા અનુસાર, છેલ્લા પખવાડિયામાં ખરીદીમાં ૭૦ ટકાનો ઘટાડો થયો છે. છેલ્લા કેટલાક દિવસોથી ગરમીના કારણે ગ્રાહકો બીમાર પડવાના બનાવો બની રહ્યા છે.



ગરમીના કારણે રેસ્ટોરન્ટમાં આવનારા લોકોની સંખ્યાને અસર થઈ છે. જૈન ધાબાના સુનિલ જૈન કહે છે કે ગરમીના કારણે તેમનો ધંધો ૩૦ થી ૪૦ ટકા સુધી ઘટી ગયો છે. જો કે, તે એમ પણ કહે છે કે હોમ ડિલિવરી દ્વારા ફૂડ ઓર્ડર કરનારા લોકોની સંખ્યામાં લગભગ ૧૫ ટકાનો વધારો થયો છે. રેસ્ટોરન્ટ ચેઈન ચલાવતા કમલ શર્મા કહે છે કે ગરમી હોવા છતાં ગ્રાહકોની સંખ્યામાં ઘટાડો થયો નથી.

કૈલાશપુરી શાકમાર્કેટના વિક્રેતા સુરેશ યાદવે જણાવ્યું હતું કે ઉનાળાની ઋતુ પહેલા તેઓ દરરોજ લગભગ ૬ થી ૭ હજાર રૂપિયાના શાકભાજી ખરીદતા હતા અને લગભગ તમામ શાકભાજી વેચાઈ જતા હતા. હવે ધીમે ધીમે તે માત્ર ૩ થી ૪ હજાર રૂપિયાના શાકભાજી અને ફળો ખરીદે છે. જેમાં ૭૦૦ થી ૮૦૦ રૂપિયાના શાકભાજી અને ફળોની પણ બચત થાય છે. બીજા દિવસે ફળો વેચાય તેવી શકયતા છે, પરંતુ શાકભાજી સુકાઈ જાય છે. તેથી આ નુકસાન થાય છે. તેથી, સાંજ સુધીમાં, તે તેના ખરીદ દરે શાકભાજી વેચે છે.

દ્વારકા સેક્ટર-૧૦ના શાકભાજી વિક્રેતા સૂર્ય કુમારે જણાવ્યું હતું કે લોકો કદાચ હવે ઘરે ભોજન બનાવતા નથી. ગરમીના કારણે બહારથી ખાદ્યપદાર્થો મંગાવવામાં આવી રહ્યા છે, જેથી શાકભાજીનું વેચાણ ઘટી ગયું છે. અગાઉની સરખામણીમાં અડધાથી ઓછા શાકભાજીનું વેચાણ થઈ રહ્યું છે. જ્યારે તે તેના રોજિંદા ગ્રાહકોને પૂછે છે, ત્યારે તેઓ માત્ર એટલું જ કહે છે કે તેઓએ આજે ખોરાકનો ઓર્ડર આપ્યો છે. આવી સ્થિતિમાં આજીવિકા અને આવક બંનેને ભારે અસર થાય છે.

દિલ્હી કેન્ટના શાકભાજી વિક્રેતા રામજી લાલે જણાવ્યું કે સવાર અને રાત્રે પણ ગરમ પવનને કારણે લોકો બહાર નથી આવી રહ્યા. શાકભાજીની ડિલિવરી ઓનલાઈન ઓર્ડર કરવી. ગ્રાહકો અમને આ જ વાત કહે છે. તે દરરોજ ૪૦ થી ૫૦ કિલો વિવિધ પ્રકારના શાકભાજી લેતો હતો. હાલમાં તે માંડ માંડ ૨૫ થી ૩૦ કિલો શાકભાજી લે છે. આમાં પણ હવે તે એવા શાકભાજી ખરીદે છે જે બીજા દિવસે બગડે નહીં. સૌથી વધુ નુકસાન કાકડી, કોથમીર અને લીલા મરચા જેવા શાકભાજીને થઈ રહ્યું છે. તે ઝડપથી સુકાઈ જાય છે.

## પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટના ભાર્ગવ ભડેરીની દ્વારકા બદલી થતાં ભાવભર્યું વિદાયમાન અપાયું



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૦

પ્રાદેશિક માહિતી કચેરી રાજકોટ ખાતે સીનિયર સબ એડિટર તરીકે સેવા આપતા ભાર્ગવભાઈ ભંડેરીની દ્વારકા ખાતે બદલી થતાં નાયબ માહિતી નિયામક પ્રશાંતભાઈ ત્રિવેદીના અધ્યક્ષસ્થાને વિદાયમાન સમારોહ યોજાયો હતો, જેમાં માહિતી પરિવાર દ્વારા તેમને ભાવભર્યું વિદાયમાન અપાયું હતું.

આ પ્રસંગે માહિતી કચેરીના અધિકારીઓ-કર્મચારીઓએ ભાર્ગવભાઈને સાકર-શ્રીફળ તેમજ પુષ્પગુચ્છ આપી વિદાયમાન સમયે શુભકામના પાઠવી હતી. ભાર્ગવભાઈએ રાજકોટ ખાતે ૨ વર્ષથી વધુની સરકારી સેવામાં રાજકોટ માહિતી કચેરી ખાતે નિષ્ઠાપૂર્વકની ફરજ બજાવી હતી.

આ તકે નાયબ માહિતી નિયામક પ્રશાંતભાઈ ત્રિવેદી, સહાયક માહિતી નિયામકઓ (સંપાદન) સોનલબેન જોશીપુરા, પ્રિયંકાબેન પરમાર, પારૂલબેન આડેસરા તથા રઝાકભાઈ ડેલા અને કર્મચારીઓએ તેમની સાથેના યાદગાર સંસ્મરણો વાગોળીને ભાર્ગવભાઈને શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કેતનભાઈ દવેએ કર્યું હતું. કચેરીનો સમગ્ર સ્ટાફ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યો હતો.

## માણાવદર મામલતદાર કચેરીમાં નેટવર્કના ધાંધીયાઃ ખેડૂતોને ૭-૧૨ કાઢવામાં મુશ્કેલી



(ગીરીશ પટેલ દ્વારા)

માણાવદર,તા.૨૦

માણાવદર તાલુકા ખેડૂત આગેવાન અશોકભાઈ રામ દ્વારા ખેડૂતોને શહેરની મામલતદાર કચેરીમાં નેટવર્કના ધાંધીયાના કારણે ૭-૧૨ ઉતારા નકલ કાઢવામાં ૩-૩ કલાક સુધી ઉભા રહેવા છતાં નથી મળતી તે માટે માંગ કરી છે કે, ઓનલાઈન નેટવર્કની આધુનિક સુવિધા તાકિદે સુધારો કરી હાલ ખેડૂતોને ખેતરમાં ચોમાસા ટાંણે કિંમતી સમય હોય વાવણીની તૈયારી થાય છે તથા ખેત ધિરાણ મેળવવા આ નકલ સમયસર નેટવર્ક ધાંધીયાના કારણે મળતી નથી તેથી. તેથી ધિરાણના મળે તો સીધી ખેડૂતોને ખેત બિયારણ સહિત ખેત ઉત્પાદન ઉપર પડે છે. ૩-૩ કલાક સુધી લાઈનમાં ઉભુ રહેવું પડે છે.

## અર્ધલશ્કરી દળોની ભરતી અંગે નિવાસી તાલીમ યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૦

ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪/૨૫ દરમ્યાન આર્મી/એરફોર્સ/નેવી/અર્ધલશ્કરીદળો તથા પેરા મિલીટ્રી ફોર્સિસની ભરતી પૂર્વે શારીરિક/માનસિક ક્ષમતા માટેની પરીક્ષાલક્ષી નિવાસી તાલીમ યોજના અંતર્ગત મદદનિશ નિયામક (રોજગાર)ની કચેરી-રાજકોટ દ્વારા યુવાનોના કૌશલ્યનો ઉપયોગ રાષ્ટ્રના નિર્માણના કામમાં થાય તે માટે ૩૦ દિવસની એક નિવાસી તાલીમ વર્ગનું આયોજન ટુંક સમયમાં કરવામાં આવશે.

આ તાલીમમાં જોડાવા ઈચ્છુક રાજકોટ જિલ્લાના ફક્ત પુરૂષ ઉમેદવારોએ મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી-રાજકોટને પોતાના તમામ શૈક્ષણિક લાયકાતના સર્ટિફિકેટ, શાળા છોડયાનું પ્રમાણપત્ર, જાતિનો દાખલો, બેંક પાસબુક, અધારકાર્ડ, ૦૨ પાસપોર્ટ સાઈઝના ફોટો સાથે તા.૨૯/૬ સુધિમાં સ્વખર્ચે પોતાની સંમતી આપવાની રહેશે.

ઉપરોક્ત તાલીમવર્ગ રાજકોટ ખાતે યોજાશે જેનો રહેવા-જમવાનો ખર્ચ સરકાર દ્વારા ભોગવવામાં આવશે અને ૧૦૦ રૂપિયા સ્ટાઈપેંડ પ્રતિ દિન આપવામાં આવશે. આથી તાલીમાર્થીએ ૩૦ દિવસ રહેવાની તૈયારી સાથે આવવાનું રહેશે.

તાલીમમાં જોડાવા માટેની શૈક્ષણિક લાયકાત ધો-૧૦માં ૪૫% સાથે અથવા ધો.૧૨ માં ૫૦% સાથે કોઈપણ પ્રવાહમાં પાસ કરેલ હોવા જોઈએ. તાલીમાર્થીની ઉંમર ૧૭.૫ થી ૨૧ વર્ષની હોવી જોઈએ ઉમેદવારની ઉંચાઈ- ૧૬૨ સે.મી કે વધુ હોવી જોઈએ, વજન-૫૦ કિલોગ્રામ કે વધુ, છાતી ફુલાવ્યા વગર ૭૭ સે.મી. અને ફુલાવેલ ૮૨ સે.મી જેટલી હોવી જોઈએ.

તાલીમના અભ્યાસક્રમના ભાગરૂપે શારીરિક યોગ્યતા માટે ઉંચાઈ, વજન, છાતી તથા શારીરિક કસોટીઓ જેવી કે દોડ, લાંબો કુદકો, પુલ અપ્સ વિગેરેની ભરતીને અનુરૂપ શારીરિક તાલીમ આપવામાં આવશે. અગાઉ નિવાસી તાલીમમાં જોડાયેલ ઉમેદવારો આ નિવાસી તાલીમમાં જોડાઈ શકશે નહિ. ઉમેદવારનું તાલીમ માટેનું ફાઈનલ સીલેક્શન સંરક્ષણ ક્ષેત્રના નક્કી કરેલા શારીરિક માપદંડ મુજબ કરવામાં આવશે. નિવાસી તાલીમવર્ગમાં આર્મીની પ્રથમ તબક્કાની લેખિત પરિક્ષા પાસ કરી હોય તેવા ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

### વાચકોએ નોંધ લેવી

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

## સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા 'મારી શાળા સલામત શાળા' અભિયાન અંતર્ગત શાળાઓમાં ફાયર મોક ડ્રિલની શરૂઆત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૦

રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ કે જે શૈક્ષણિક પ્રવૃત્તિઓ ઉપરાંત અનેક સામાજિક, સેવાકીય, સાંસ્કૃતિક, પર્યાવરણલક્ષી અને લોક જાગૃતિના કાર્યક્રમો માટે હંમેશા અગ્રેસર હોય છે. ત્યારે ગુજરાત રાજ્યમાં છાશવારે બનતી દુર્ઘટના તેમજ રાજકોટ શહેરમાં તાજેતરમાં થયેલ ગેમઝોન અગ્નિકાંડને ધ્યાનમાં લઈ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે મારી શાળા સલામત શાળા અભિયાન શરૂ કરવામાં આવેલ છે. આ અભિયાન અંતર્ગત બાળકોમાં સલામતી અંગે સમજણ કેળવાય તે માટે તા. ૨૦ જુન થી ૨૪ જુન દરમિયાન પ્રથમ કાલાવાડ રોડ ઝોનની શાળાઓ સહિત શહેરની તમામ ખાનગી શાળાઓમાં ક્રમશઃ ફાયર મોક ડ્રિલના આયોજન કરવામાં આવશે.

આ અભિયાન અંગે વધુ જણાવતા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ ડી.વી.મહેતા જણાવે છે કે આ અભિયાન થકી સલામતી અને સુરક્ષાની બાબતે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમાં ૩૬૦ ડિગ્રી સલામતી માટેની જાગૃતિ કેળવવામાં આવશે.

આ અભિયાનનો પ્રારંભ ફાયર સેફટી અંગે બાળકોમાં સમજ અને જાગૃકતા કેળવવાનો છે. તેથી આગામી દિવસોમાં ક્રમશઃ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર વિભાગના સહયોગથી મોક ડ્રિલના આયોજન થવા જઈ રહ્યા છે. જેમાં પ્રથમ ચરણમાં કાલાવાડ ઝોનની ૨૨ જેટલી શાળાઓમાં મોક ડ્રિલના આયોજન થશે. જેમાં તારીખ ૨૦ જૂન ના રોજ કલ્યાણ હાઈસ્કૂલ, શક્તિ હાયર સેકન્ડરી સ્કુલ અને તપસ્વી સ્કૂલમાં ૮:૩૦ થી ૯:૩૦ દરમિયાન તેમજ ન્યુ એરા સ્કૂલ, જીનીયસ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ, જીવન શાંતિ પ્રાથમિક અને માધ્યમિક શાળા તથા ચાણક્ય માધ્યમિક શાળામાં ૧૦:૩૦ થી ૧૧:૩૦ દરમિયાન મોક ડ્રિલના આયોજન કરવામાં આવશે. ત્યારબાદ તારીખ ૨૧ જૂનના રોજ એસ.ઓ.એસ. સ્કૂલમાં ૯:૩૦ થી ૧૦:૩૦ દરમિયાન અને માસુમ સ્કૂલ, ધોળકિયા સ્કૂલ, ભરાડ સ્કૂલ અને ઉત્કર્ષ સ્કૂલમાં ૧૦:૩૦ થી ૧૧:૩૦ મોક ડ્રિલ યોજાશે. તા. ૨૨ જૂન ના રોજ પ્રીમિયર હાયર સેકન્ડરી સ્કુલ, સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ અને નચિકેતા સ્કૂલમાં સવારે ૮:૩૦ થી ૯:૩૦ દરમિયાન અને ગ્રીનવુડ સ્કૂલમાં ૧૦:૩૦ થી ૧૧:૩૦ દરમિયાન મોક ડ્રિલ યોજાશે. કાલાવાડ રોડ ઝોન ની શાળાઓમાં તારીખ ૨૪ જૂનના રોજ શ્રી શ્રી એકેડેમી, મોદી સ્કૂલ અને પી.એન.બી. સ્કૂલમાં સવારે ૮:૩૦ થી ૯:૩૦ દરમિયાન તેમજ ઈનોવેટિવ સ્કુલ, સિહર સ્કૂલ અને વિદ્યા નિકેતન સ્કૂલમાં સવારે ૧૦:૩૦ થી ૧૧:૩૦ દરમિયાન રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિભાગના સ્ટાફની હાજરીમાં ફાયર મોક ડ્રિકના આયોજન કરવામાં આવશે. આ મોક ડ્રિલ દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓ એક સલામતીનો અનુભવ મેળવશે અને વાલીઓ પોતાના બાળકોના સલામતીના પ્રશ્ન અંગે અંગે નિશ્ચિત બનશે.

મારી શાળા સલામત શાળા અભિયાન અંતર્ગત સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ ડી. વી. મહેતા, મહામંત્રી પરીમલભાઇ પરડવા, મહામંત્રી પુષ્કરભાઇ રાવલ, ઉપપ્રમુખ અવધેશભાઇ કાનગડ, ઉપપ્રમુખ ડો. ડી. કે. વડોદરીયા, ઉપપ્રમુખ સુદિપભાઇ મહેતા, સૌરાષ્ટ્ર ઝોન કન્વીનર જયદિપભાઈ જલુ, મેહુલભાઈ પરડવા, વિપુલભાઈ પાનેલીયા, સંદીપભાઈ છોટાળા, રાજય મહામંડળના પ્રમુખ ભરતભાઇ ગાજીપરા, ઉપપ્રમુખ જતીનભાઇ ભરાડ અને મહામંત્રી અજયભાઇ પટેલ તેમજ મંડળના કોર કમિટી, કારોબારીના સદસ્યો, તમામ ઝોન ઉપપ્રમુખ, મહામંત્રી સહિત તમામ સદસ્યો રાજકોટ શહેરની અંદર શાળાઓ આવનારી પેઢીને સલામત રાખવા માટે કટિબદ્ધતા દર્શાવે છે.

## જીનીયસ સ્કૂલના વિદ્યાર્થી હીર પિત્રોડાએ સ્વિમિંગ સ્પર્ધામાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઝળહળતી સિધ્ધિ પ્રાપ્ત કરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૦

રાજકોટની જાણીતી જીનિયસ સ્કૂલમાં વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે સર્વાંગી વિકાસ માટે રમતગમત અને કૌશલ્ય આધારિત વિવિધ પ્રવૃત્તિ માટે નિષ્ણાંત કોચ અને ટ્રેનર દ્વારા પ્રશિક્ષણ પૂરું પાડવામાં આવે છે. તાજેતરમાં જીનિયસ સ્કૂલમાં ધોરણ ૦૯ માં અભ્યાસ કરતા હીર સુનિલભાઈ પિત્રોડાએ મલેશિયા ખાતે આયોજીત સ્વિમિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૪ માં શ્રેષ્ઠ દેખાવ કરીને આંતરરાષ્ટ્રીય ફલક પર શાળાનું અને તેમના માતા-પિતાનું નામ રોશન કર્યું હતું.

હાલમાં મલેશિયા ખાતે યોજાયેલ ૫૯ મી મલેશિયા ઇન્વિટેશનલ એજ ગ્રુપ સ્વિમિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૪ સ્પર્ધામાં હીર પિત્રોડાની આંતરરાષ્ટ્રીય અને સહભાગી તરીકે પસંદ કરવામાં આવી હતી જે



શાળાની યશ કલગીમાં મોરપીંછ સમાન સિદ્ધિ છે. તેણે સ્કૂલ ગેમ, ખેલ મહાકુંભ અને ખેલો ઈન્ડિયા યુથ જેવી વિવિધ સ્પર્ધાઓમાં રાજ્ય કક્ષા અને રાષ્ટ્રીય કક્ષા એ અનેક સ્પર્ધાઓમાં ભાગ લીધો છે. તેણે ચેન્નઈ ખાતે યોજાયેલ ખેલો ઈન્ડિયા યુથ ગેમમાં ૫૦ મીટર અને ૧૦૦ મીટર બટરફ્લાયમાં ત્રીજું સ્થાન અને ૫૦ મીટર ફ્રી સ્ટાઈલમાં બીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ ઉપરાંત દિલ્હી ખાતે યોજાયેલ સ્કૂલ ગેમ (એસ.જી.એફ.આઈ) માં ૫૦ મીટર ફ્રી સ્ટાઈલમાં બીજું સ્થાન, ૫૦ મીટર બટરફ્લાયમાં ત્રીજું સ્થાન, ૧૦૦ મીટર બટરફ્લાયમાં બીજું સ્થાન અને ૪ બાય ૧૦૦ મીટર મેડલી રિલેમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. હિંમતનગર ખાતે યોજાયેલ રાજ્ય કક્ષાના ખેલ મહાકુંભ ૨૦૨૪ માં તેણે ૫૦ મીટર બટરફ્લાયમાં પ્રથમ ક્રમાંક, ૫૦ મીટર બ્રેસ્ટ્રોક સ્ટાઈલમાં તૃતીય ક્રમાંક, ૫૦ મીટર ફ્રી સ્ટાઈલમાં પ્રથમ ક્રમાંક અને ૪ બાય ૧૦૦ મેડલી રીલેમાં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. આ ઉપરાંત રાજ્ય કક્ષાની સ્કૂલ ગેમ (એસ.જી.એફ.આઈ) સ્પર્ધામાં તેણે ૫૦ મીટર ફ્રી સ્ટાઈલમાં પ્રથમ ક્રમાંક ૫૦ મીટર બટરફ્લાયમાં પ્રથમ ક્રમાંક અને ૧૦૦ મીટર બટરફ્લાયમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.

હીર પિત્રોડા એ સ્વિંમિંગ ક્ષેત્રે પ્રાપ્ત કરેલી ઝળહળતી સિધ્ધિ બદલ જીનિયસ ગ્રુપનાના ચેરમેન ડી. વી. મહેતા, સીઈઓ ડિમ્પલબેન મહેતા અને જીનિયસ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## વડિયામાં આધારકાર્ડની કામગીરી ઠપ્પ

### વિકસિત ડીઝીટલ ગુજરાતમાં છ મહિના સુધી કર્મચારીના પગાર થતા નથી....આતે કેવો વહીવટ

### ઓપરેટરનો છ માસનો પગાર ના થતા આંદોલનના માર્ગે



(કિરીટ જોટવા દ્વારા)

વડિયા,તા.૨૦

સમગ્ર રાજ્યમાં આઉટસોર્સ એજન્સીથી મામલતદાર કચેરી અને અન્ય કચેરીઓમાં આધારકાર્ડમાં સુધારાની અને નવા આધારકાર્ડ ની કામગીરી કરવામાં આવે છે. આ કામગીરી માટે રાજ્ય સરકાર જે તે એજન્સીને કોન્ટ્રાકટ આપી તેની કામગીરી કરવા કર્મચારીઓની નિમણૂક કરે છે. હાલ સમગ્ર અમરેલી જિલ્લા સહીત વડિયાની મામલતદાર કચેરીમાં આધારકાર્ડ કામગીરી ઠપ્પ જોવા મળી રહી છે. આ બાબતે તપાસ કરતા આ કોન્ટ્રાકટ બેઈઝ એજન્સીના કર્મચારીઓનો પગાર છેલ્લા છ મહિનાથી થયેલ ના હોવાને કારણે આ કર્મચારીઓ પોતાની કામગીરીનો બહિષ્કાર કરી હડતાલ પર ગયેલા છે ત્યારે કોઈ વૈકલ્પિક વ્યવસ્થાના હોવાને કારણે તાલુકા મથક પર ગ્રામીણ વિસ્તાર માંથી આધારકાર્ડ સુધારણા અને નવા કાર્ડની કામગીરી માટે આવેલા લોકોની લાઈનો લાગી હતી અને અંતે ઓપરેટરના આવતા આધારકાર્ડ ટેબલ પર ઓપરેટર હડતાલ પર છે તેવો બોર્ડ લગતા લોકોને ધરમના ધક્કા થતા જોવા મળ્યા હતા. વિકસિત ગુજરાતની સંવેદન સરકારના ડીઝીટલ ગુજરાતમાં છ માસથી પગાર ના થતા કર્મચારીઓને હડતાલ પર જવું પડે અને લોકોને તેની હાલાકી સહન કરવી પડે ત્યારે ગુજરાત સરકારના કાથડતા વહીવટનુ આથી બીજુ ઉત્તમ ઉદાહરણ ક્યુ હોય તેવી ચર્ચા લોકોમાં સાંભળવા મળી હતી. ત્યારે આ કામગીરી તાત્કાલિક શરૂ કરવામાં આવે તેવી લોક માંગણી જોવા મળી રહી છે.

## કાલે વટ સાવિત્રી વ્રત પુજન

ઘણા બહેનો આ વ્રત ત્રણ દિવસ સુધી રહેતા હોય છે તેઓ એ બુધ ગુરુ શુક્રવારે વ્રત રહેવું જોકે ઘણા ખરા બહેનો એક દિવસ પૂરતું જ આ વ્રત રહે છે. આ વર્ષે જેઠ સુદ ચૌદસ શુક્રવારના દિવસે વટ સાવિત્રી વ્રત રહેવાનું રહેશે. તા.૨૧.૬ ના દિવસે સવારના ૭.૫૧ થી પુનમ તિથિ બેસે છે. શનીવારે સવારના ૬.૩૮ સુધી પુનમ તિથિ છે. શનિવારના ના દિવસે એકમ તિથિ ક્ષય તિથિ છે આથી પંચાંગ પ્રમાણે જ્યોતિષના નિયમ પ્રમાણે વટ સાવિત્રીનું વ્રત શુક્રવારે રહેવાનું રહેશે. ઘરમાં સુખ શાંતિ આપનાર તથા પતિને દીર્ઘાયુ આપનાર વ્રત છે.

**વટસાવિત્રી વ્રતનુ પુજન**

વિધિઃ- આખો દિવસ ઉપવાસ કરવો, સવારના સમયે નિત્ય કર્મ કરી ત્યારબાદ સૌ પ્રથમ વટના ઝાડ સામે ઉભા રહી હાથમાં જળ રાખી સંકલ્પ કરવો કે મારા પતિને દીર્ઘ આયુષ્ય મળે, ઘરમાં સુખ શાંતિની પ્રાપ્તિ થાય ત્યારબાદ વટના ઝાડનું પુજન કરવું. ચાંદલો કરવો, ચોખા ચડાવવા, અબીલ, કંકુ, ચોખા, ફુલ અગરબત્તીનો ધુપ અર્પણ કરવો, વડનું પુજન કરવું, વડને પાણી પાવું, સુતર લઈને વડની પ્રદક્ષિણા કરી, પોતાના પતિ ના આયુષ્ય માટે પ્રાર્થના કરવી અને સાથે પ્રાર્થના કરવી કે અમારા ઘરમાં કુટુંબમાં સુખ-શાંતિ રહે અને મારા પતિનું આયુષ્ય દીર્ઘ અને નિર્વિઘ્ને રહે તેવા આર્શીવાદ માંગવા.



વેદાંત રત્ન જ્યોતિષી
રાજદીપ જોષી

## ગારીયાધાર તાલુકાનું ગૌરવ વધારતા પ્રિયાંશ ગુજરાતી

(તખુભાઈ સાંડસુર દ્વારા)

વેળાવદર,તા.૨૦

ગારીયાધાર તાલુકાના મોટીવાવડી ગામના વતની અને ત્યાંના સુરત ઉદ્યોગપતિ ધનસુખભાઈ ગુજરાતીના પુત્ર પ્રિયાંશ ગુજરાતીએ ઈન્ડિયા ઓક્સફર્ડ ફોરમના પ્રમુખ પદે નિયુક્ત થઈને ગારીયાધાર તાલુકાનું ગૌરવ વધાર્યું છે.

યુવા આઈકોન શ્રી પ્રિયાંશ ગુજરાતી અત્યારે ઈંગ્લેન્ડની ઓક્સફર્ડ ખાતેની જાણીતી યુનિવર્સિટી ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં ઓર્ગેનિક કેમેસ્ટ્રીમાં પીએચડીની પદવી પ્રાપ્ત કરીને ઈન્ડિયા ઓક્સફર્ડ ફોરમના પ્રમુખ પદે નિયુક્ત થયાં છે. તેઓ અસાધ્ય રોગોની દવા બનાવવા માટેનું પોતાનું એક સ્ટાર્ટઅપ પણ શરૂ કરી રહ્યાં છે. તાજેતરમાં ૧૫ જૂનના રોજ ઓક્સફર્ડ ખાતે આ ફોરમની એક આંતરરાષ્ટ્રીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરતના મેયર દક્ષેશ માવાણી ઉપસ્થિત રહ્યાં હતાં.

અત્રે એ પણ નોંધવું જોઈએ કે પ્રિયાંશ ગુજરાતીના બધાં ભાઈ બહેનો વિદેશોમાં અભ્યાસ કરીને પોતાની નામના મેળવી રહ્યાં છે. બહેન પાયલ કાત્રોડીયા અમેરિકામાં ફિઝિયોથેરાપીસ્ટ છે. નાની બહેન સુહાની કેનેડામાં બ્યુટીશિયન છે તેથી નાની હિમાલી ગુજરાતી અમેરિકાની શ્યોર યુનિવર્સિટીમાંથી પ્રોસ્ટેટ કેન્સર પર પીએચડી પુરું કરેલ છે હવે યુએસની નામાંકિત યુનિવર્સિટીમાંથી પોસ્ટ ડોગ કરી અત્યારે સાયન્ટિસ્ટ છે. મોટોભાઈ અમેરિકામાં રોબોટિક એન્જિનિયર છે.



# રાજકોટ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે નારી ઉત્કર્ષની ગાથા વર્ણવતો મહિલા દિન ઉજવાયો








## આજે સાંજે વર્તમાન સમયમાં યુવાનોની સમસ્યાને વર્ણવતી વિશેષ પ્રસ્તુતિ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૨૦

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના ગુરુદેવ પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં તા.૧૪ જૂનથી તા.૧૦ જુલાઈ દરમિયાન રાજકોટ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે વિવિધ સાંસ્કૃતિક અને રસપ્રદ કાર્યક્રમોનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે ત્યારે તેમના રોકાણ દરમિયાન કાર્યકર સુવર્ણ મહોત્સવ નિમિતે બાલિકા, યુવતી તથા મહિલા પાંખ દ્વારા સુવર્ણ વર્ષે સુવર્ણ ગાથા સન્નારીઓની' મધ્યવર્તી વિચાર સાથે વિરાટ મહિલા દિનનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્ત્રી એટલે એવું પાત્ર જે ન હોય તો આ દુનિયા જ શક્ય નથી. સ્ત્રી એટલે સ્વયં શક્તિ. બીજી દરેક શક્તિઓ જેના દ્વારા આકાર પામે છે એ સ્ત્રી છે. આવી જ સ્ત્રી શક્તિને બિરદાવવા રાજકોટ બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિરે વિરાટ મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહિલા સંમેલનમાં ૧૦,૦૦૦ જેટલી નાની બાલિકાઓથી લઈને વયોવૃધ મહિલાઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆત સંગીતજ્ઞ મહિલાવૃંદ દ્વારા ધૂન, પ્રાર્થનાં અને સ્તુતિ દ્વારા કરવામાં આવી હતી. બાલિકાઓએ મંગલાચરણ દ્વારા ઉપસ્થિત સૌનું સ્વાગત કર્યું. ત્યારબાદ 'આનંદનો રંગ ઢોળો' કીર્તન દ્વારા બાલિકાઓએ આકર્ષક નૃત્યકલા પ્રસ્તુત કરી હતી. 'સુવર્ણ વર્ષે સુવર્ણ ગાથા સન્નારીઓની' વિષયક પ્રેરણાત્મક સંવાદ યુવતીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં કાર્યકરોની સત્સંગ, સમર્પણ, સમજણ, સંપભાવનાનો સંદેશો પણ સર્વે પ્રાપ્ત કર્યો. જેમાં ૨ વર્ષની બાલિકાથી લઈને ૭૦ વર્ષની મહિલાઓ દ્વારા પ્રેરક પ્રસ્તુતિ કરવામાં આવી હતી જેઓ છેલ્લા ૧ મહિનાથી આ પ્રસ્તુતિ માટે જહેમત ઉઠાવી રહ્યા હતા. નાની બાલિકાઓ કે જેમણે સંસ્કૃતનો અભ્યાસ કરી વિશ્વ કક્ષાએ ક્રમાંક લાવી હતી તેનું સન્માન કરવામાં આવ્યું હતું.

નારીઓની પવિત્રતા, નિર્મળતા, સમર્પણભાવ અને સંસ્કારયુક્ત પ્રતિભાથી કોઈપણ યુગ દીપી ઉઠે છે તેનું સાક્ષાત ઉદાહરણ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની મહિલા પ્રવૃત્તિ પૂરું પાડે છે. ઈ.સ. ૧૯૭૨ થી શરૂ થયેલ કાર્યકર માળખામાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું અભિન્ન અંગ ગણાતી મહિલા પ્રવૃત્તિ એ એક એવું મંચ છે જ્યાં ૨૮,૯૧૫ જેટલા બાલિકા, યુવતી અને મહિલા કાર્યકરો અને સંપર્ક કાર્યકરો નિસ્વાર્થ ભાવે સેવા આપી રહ્યા છે.

આજે સાંજે ૫:૩૦ થી ૮:૦૦ દરમિયાન સંસ્થાના વિદ્વાન સદગુરુ સંતવર્ય પૂ.વિવેકસાગર સ્વામી 'એક નિશાન અક્ષરધામ' વિષયક કથાવાર્તા પારાયણનો લાભ આપશે. આજે 'સંયમ દિન' અંતર્ગત પ.પૂ.મહંતસ્વા-મી મહારાજની ઉપસ્થિતિમાં વર્તમાન સમયમાં યુવાનોની સમસ્યાને વર્ણવતી વિશેષ પ્રસ્તુતિ યોજાશે અને અંતમાં પ.પૂ.મહંતસ્વામી મહારાજના આશીર્વચનનો લાભ પ્રાપ્ત થશે.

# રાજ્યસભા સચિવાલયના અધિકારીઓએ ગાંધી આશ્રમની મુલાકાત લીધી



અમદાવાદ,તા.૨૦

રાજ્યસભા સચિવાલયના ડાયરેકટર પી.નારાયણના નેતૃત્વ હેઠળ રાજ્યસભા સચિવાલયના ૫૦ જેટલા અધિકારીઓનું ડેલિગેશન ગુજરાતના ચાર દિવસીય અભ્યાસ પ્રવાસે છે. આ અભ્યાસ પ્રવાસ અંતર્ગત ડેલિગેશને અમદાવાદ સ્થિત ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી. ભારતના આઝાદી આંદોલનના કેન્દ્ર સમા અને મહાત્મા ગાંધીની કર્મભૂમિ એવા ગાંધી આશ્રમના વિવિધ ભાગોની ડેલિગેશને મુલાકાત લઈને ઈતિહાસને જાણ્યો હતો. તેમણે મહાત્મા ગાંધીના નિવાસસ્થાન હૃદયકુંજની મુલાકાત લીધી હતી તથા ગાંધી આશ્રમમાં ચરખો કાંતવાની પ્રક્રિયાનું નિદર્શન પણ નિહાળ્યું હતું.

સાબરમતી આશ્રમ ટ્રસ્ટ તરફથી ડેલિગેશનનું સ્વાગત- સન્માન કરાયું હતું તથા તેમની મુલાકાત દરમિયાન તેમને આશ્રમ સંબંધિત વિવિધ માહિતી પૂરી પાડવામાં આવી હતી.

ગાંધી આશ્રમની મુલાકાતના તેમના અનુભવ અને અનુભૂતિને ડેલિગેશને વિઝિટર્સ બુકમાં નોંધી હતી. તેમ જણાવ્યું છે.

# મોટાદડવા સરકારી સ્કૂલોમાં બાળકોને ચોપડા વિતરણ



**(બ્રિજેશ વેગડા દ્વારા)** મોટાદડવા ખાતે સરકારી સ્કૂલના તમામ બાળકોને અવધૂત આશ્રમ જૂનાગઢના ગાદીપતિ મહંત મહાદેવગીરી બાપુ દ્વારા ફુલસાઈઝના લાજવાબ ચોપડા વિતરણ કર્યા હતા જેમાં મોટાદડવા સ્કૂલના આચાર્ય શિક્ષકો તેમજ મોટાદડવા સરપંચ ભુપતભાઇ વાળા તથા તાલુકા પંચાયતના સભ્ય વજુભાઈ ચાવડા ઉપસરપંચ મનુભાઈ લાવડીયા, અરવિંદભાઈ લાવડીયા સહિત વિરૂભાઈ વાળા ઉદયભાઈ વાળા સહિત હિરેન ચાવડા સહિત મોટી સંખ્યામાં મહાદેવગીરી બાપુના દર્શનનો લ્હાવો સૌએ લીધો હતો સાથે બાપુનો શિક્ષણ પ્રત્યેનો પ્રેમ જે બાળકોમાં જોવા મળ્યો બાપુએ માત્ર સૌ સારૂ શિક્ષણ પ્રાપ્ત કરે તેવા શુભેચ્છા આપી બાળકોને પુસ્તક રૂપી ચોપડા આપતા જ શાળાના બાળકોમાં સ્મિત ઉભરાયું હતું સાથે અનેરો હરખ.

### સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં ફેરફાર

# રાજકોટ જિલ્લા કક્ષાનો ૨૯ અને તાલુકા કક્ષાનો કાર્યક્રમ ૨૫ જૂને યોજાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૨૦: રાજ્ય સરકાર દ્વારા જિલ્લા તથા તાલુકા કક્ષાનાં પ્રશ્નોના નિરાકરણ માટે ''ફરિયાદ નિવારણ કાર્યક્રમ'' નું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૭ જૂનના બદલે તા.૨૯ જૂન ૨૦૨૪ ના રોજ તેમજ તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૬ જૂનના બદલે તા. ૨૫ જૂન ૨૦૨૪ના રોજ યોજાશે અન્ય તમામ સૂચનાઓ અગાઉ મુજબની યથાવત રહેશે તેમ જનસંપર્ક અધિકારી, રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ કિરીટભાઈ પટેલનો જન્મદિવસ



સુરતઃ સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ તથા ઓલ ઈન્ડિયા પ્રાયમરી ટીચર્સ એસોસિએશનનાં કાઉન્સિલર કિરીટભાઈ જયંતિભાઈ પટેલનો આજે તા. ૨૦ જૂનનાં રોજ જન્મદિવસ છે. તેઓએ પોતાની ફરજનિષ્ઠા અને વહીવટી કુશળતાનાં પ્રતાપે 'નેશનલ કર્મયોગી રોલ મોડલ એવોર્ડ' તથા રાજ્ય કક્ષાનો 'શ્રેષ્ઠ બી.આર.સી. કો-ઓર્ડિનેટર'નો એવોર્ડ મેળવીને સુરત જિલ્લાનું નામ રોશન કરેલ છે. કિરીટભાઈ પટેલને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ તથા સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં હોદ્દેદારો, સુરતનાં તમામ તાલુકા ઘટક સંઘનાં પ્રમુખ-મહામંત્રીઓ, સહકારી આગેવાનો સહિત મિત્રમંડળે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે.

**અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો**
**મો.9429787729**
**email:-saurashtrakranti@gmail.com**

# સ્વ.આપાભાઈ ગઢવી (કવિ 'આપ') ની ૩૦ મી પૂણ્યતિથિ નિમિતે સ્મૃતિ વિશેષ 'સંભારણા' કાર્યક્રમનું આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૨૦



ગુજરાતના ગામડે ગામડે અને પ્રદેશ-રાજયના સીમાડા વળોટી દેશ-પરદેશ જેની કૃતિઓ ગુંજે છે, લોકસાહિત્ય, ચારણીસાહિત્ય, આકાશવાણી, દુરદર્શન, સીનેમા-નાટ્ય, જાહેર લોકમંચ અને સાંપ્રત સંચાર માધ્યમમાં દશ્ય શ્રાવ્ય અને ધ્વનિમુદ્રિત સાહિત્ય સંગીત ક્ષેત્રે જેનું આગવું અને અનેરૂ પ્રદાન રહ્યું છે અને જેમના અનેક ગીત, ગઝલ, ભજન, દોહા-છંદ, લોકવાર્તા, સંગીતરૂપક, રેડિયો નાટક, કથા - પટકથા - સંવાદ, સંગીત, સ્વરાંકન આજે પણ લોકોના હૈયે-હોઠે વસે છે અને રાજ્ય સરકારના બે શ્રેષ્ઠ ગીતકાર એવોર્ડ, કવિ કાગ એવોર્ડ, માંગલ શક્તિ એવોર્ડ જેવા અનેક માન સન્માન અર્જિત સૌરાષ્ટ્રના જાણીતા કવિ, લેખક, ગાયક, વક્તા, સ્વરકાર-સંગીતકાર સ્વ. આપાભાઈ ગઢવી (કવિ 'આપ')ની ૩૦ મી પૂણ્યતિથિ આગામી ૨૩ જૂન,૨૦૨૪, રવિવારના રોજ રાત્રે નવ કલાકે, કવિ આપ સ્મૃતિ વિશેષ 'સંભારણાં' કાર્યક્રમ, કવિ આપ પરિવાર દ્વારા રાજકોટના બોલબાલા - કોઠારિયા રોડ વચ્ચે વિનોદનગર સોસાયટીના નવદુર્ગા ગરબી ચોક સ્થિત જડેશ્વર મંદિર પરિસરના વિશાળ પટાંગણમાં યોજાનાર છે.

કાગળિયા લખી લખી થાકી, કરેલા કરમના બદલા દેવા પડે, ઝૂંપડીએ કોક તો જાજો, મોગલ છેડતાં કાળો નાગ, પ્રીતું રે કરીને અમે ઘણું પછતાણાં, માનવ નડે છે માનવીને મોટો થયા પછી, હે માનવ વિશ્વાસ કરી લે, તમોને મુબારક તમારી અમીરી, કોઈ માટેલ જઈને મનાવો મારી બેનું રે જેવી અનેક અમર કૃતિના રચયિતા સ્વ. આપાભાઈ ગઢવીની (કવિ 'આપ')ની પુણ્ય સ્મૃતિમાં પ્રતિ વર્ષ કવિ 'આપ' પરિવાર દ્વારા 'સંભારણાં' કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જેમાં સૌરાષ્ટ્ર-ગુજરાતના નામિ લોકગાયકો, ભજનિકો, લોક-ચારણી સાહિત્યવિદ્ વક્તાઓ ઉપસ્થિત રહી કવિ આપના કવન, કથન, સુજન, સૂર, શબદ અને સંગીત સ્વરાંકનના સળંગ પ્રસ્તુતિકરણ દ્વારા સાદર શ્રદ્ધાસુમન અર્પણ કરે છે. જે આ પ્રકારના કાર્યક્રમનું સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમ યશ ગૌરવ ધરાવે છે. છેલ્લાં ૩૦ વર્ષથી સ્વ. આપાભાઈ ગઢવીની (કવિ 'આપ')નો પરિવાર નિર્વ્યાજ ભાવે, કોઈ પણ જાતના વ્યવસાયિક અભિગમથી પર રહી એમની સ્મૃતિમાં પ્રતિવર્ષ આ 'સંભારણાં' કાર્યક્રમ યોજે છે.

હેમંત ચૌહાણ, કીર્તિદાન ગઢવી, ધીરુભાઈ સરવૈયા, અનુભા ગઢવી, પૂનમ ગોંડલિયા, અલ્પા પટેલ, બિરજુ બારોટ આદિ કલાકાર ગણ બાલા ઉસ્તાદ, શબ્બિર ઉસ્તાદ, બળવંત ગોસાઈ, દિનેશ ગઢવી, રવિ જાદવ, અભય વ્યાસ, જીજ્ઞેશ ગોસ્વામી, શ્યામ-કાનજી-પ્રકાશ આદિની સૂરીલી સાઝ સંગતે પ્રસ્તુત થવા જનાર આ વર્ષના કવિ 'આપ' સ્મૃતિ વિશેષ 'સંભારણાં' કાર્યક્રમમાં સમયસર હાજર રહેવા, સ્વ. કવિના ચાહકો- અભિભાવકો અને પ્રશંસકો ઉપરાંત સર્વે સાહિત્ય અને કલારસિક શ્રોતાગણને જાહેર આમંત્રણ પાઠવાયું છે.

# જસદણ શ્રીનાથજી હવેલીમાં કાલે સવારે આંબા મનોરથ દર્શન યોજાશે

**(ધર્મેશ કલ્યાણી દ્વારા)**
જસદણ,તા.૨૦

સૌરાષ્ટ્રમાં શ્રીનાથજીના તીર્થ તરીકે પ્રસિદ્ધ જસદણની શ્રીનાથજીની હવેલીમાં આવતીકાલે આંબા મનોરથના ભવ્ય દર્શન યોજાશે.

શ્રીનાથજી હવેલી જસદણના પ્રમુખ કિરીટભાઈ પટેલની યાદીમાં જણાવ્યા મુજબ જસદણની શ્રીનાથજીની હવેલીમાં તા.૨૧-૬ ને પૂર્ણિમાના દિવસે વહેલી સવારે ૫-૩૦ કલાકે જયેષ્ઠાભિષેક સ્નાનના દર્શન યોજાશે. મુખ્યાજી ઘનશ્યામભાઈ જોશી ઠાકોરજીને સ્નાન કરાવશે. પુષ્ટિમાર્ગ વૈષ્ણવ સંપ્રદાયની પ્રણાલિકા મુજબ વર્ષમાં એક જ વખત સમગ્ર વિશ્વની હવેલીમાં ઠાકોરજીને જેઠ સુદ પૂર્ણિમાના દિવસે વૈષ્ણવો દર્શન કરી શકે તે રીતે વૈષ્ણવોની રૂબરૂમાં સ્નાન કરાવવામાં આવે છે. આ અલૌકિક દર્શનનો લાભ લેવા જેવો હોય છે. ત્યારબાદ સવારે ૮ થી ૯ કલાક દરમિયાન આંબા મનોરથના દર્શન યોજાશે. આ દર્શન દરમિયાન મોટી સંખ્યામાં કેરીઓ ઠાકોરજીને ધરાવવામાં આવશે. બંને દર્શનનો લાભ લેવા શ્રીનાથજી હવેલી જસદણના પ્રમુખ કિરીટભાઈ પટેલ, ઉપપ્રમુખ કમલેશભાઈ ચોલેરા, ઉપપ્રમુખ ચંદ્રકાંતભાઈ બાબરીયા, ટ્રસ્ટી ભરતભાઈ જનાણી, ટ્રસ્ટી ભરતભાઈ ધારૈયા, ટ્રસ્ટી બટુકભાઈ તન્ના, ટ્રસ્ટી હસુભાઈ ગાંધી, ટ્રસ્ટી અશોકભાઈ મહેતા, મંત્રી ધર્મેશભાઈ કલ્યાણી, સહમંત્રી નિલેશભાઈ રાઠોડ, સહમંત્રી સાગરભાઈ દોશી, ખજાનચી ચંદુભાઈ વડોદરીયા, કિશોરભાઈ ગઢવી સહિતના હોદ્દેદારોએ દર્શનનો લાભ લેવા અનુરોધ કર્યો છે.

### ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડના આરોપી સામે એસીબીએ ગુનો દાખલ કર્યો

# સાગઠીયા મોઢુ ખોલે તો અનેક નેતાના રાજ ખુલી શકે

## એ.સી.બી.રાજકોટ ટી.પી વિભાગના વધુ ૧૫ કર્મચારીની તપાસ કરશે

## એક જ જગ્યાએ ટી.પી શાખામા રહેવા દેવા પાછળ ક્યા નેતાના છુપા આશીર્વાદ



**સસ્પેન્ડ સાગઠીયા સામે એ.સી.બી. ની કાર્યવાહી નિવૃતી બાદ બિલ્ડર બનેલા અધીકારીની થઇ શકે પુછપરછ**

**મોટા ગજાના બિલ્ડરોના સાગઠીયા સાથેની સાઠ ગાંઠ હોવાની ચર્ચા**

**બેંન્ક સ્ટેટમેન્ટમાં મોટી રકમના એન્ટ્રીઓ ખુલી**

## બે પેટ્રોલ પંપ, ફાર્મ હાઉસ, બંગલા, ફ્લેટ સહિતની કરોડોની મિલકત

એસીબી એ તપાસ કરતા મનસુખ સાગઠીયા અને તેના પરિવારના નામે ૧૩ મિલકતો અને છ વાહનો મળી આવ્યા છે. જેમાં બે પેટ્રોલ પંપ, ફાર્મ હાઉસ, બંગલાઓ, ફ્લેટ વગેરેનો સમાવેશ થાય છે એસીબીએ સાગઠીયા અને તેના પરિવારની જે મિલકતો જાહેર કરી છે તેમાં રાજકોટ તાલુકાના સોખડા ગામે પેટ્રોલ પંપ, સોખડામાં જ ત્રણ ઈન્ડસ્ટ્રીયલ ગોડાઉન નો સમાવેશ થાય છે, ગોંડલના ગોમટા ગામે પણ મિલકતો મળી છે જેમાં પેટ્રોલ પંપ, નવી બંધાતી હોટલ, ફાર્મ હાઉસ, ખેતીની જમીન, ઓરડી ગામે પણ ખેતી ની જમીન નો સમાવેશ થાય છે સાપરના ઉર્જા ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં ગેસ ગોડાઉન, પડધરી ના મોટા બાલાજી ગ્રીન પાર્કમાં પ્લોટો, યુનિવર્સિટી રોડ પરની અનામિકા સોસાયટીમાં બનતા નવા બંગલા, માધાપર નજીક આસ્થા સોસાયટીમાં ટેનામેન્ટ, અમદાવાદના અદાણી શાંતિગ્રામ ટાઉનશિપમાં એસ્ટર અને લાં મરીનામાં બે ફ્લેટ અને હોન્ડા સિટી કાર સહિત છ વાહનો પણ સમાવેશ થાય છે

## સાગઠીયાએ આઠ વખત વિદેશ પ્રવાસ કર્યા હતા

સસ્પેન્ડ ટીપીઓ મનસુખ સાગઠીયાએ અત્યાર સુધીમાં આઠ વખત વિદેશ પ્રવાસ કર્યાનું બહાર આવ્યું છે. એસીબીએ તપાસ કરતા જાણવા મળ્યું કે સાગઠીયા એ દુબઈ, યુરોપ, સાઉથ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, મલેશિયા,માલદીવ અને શ્રીલંકાના પ્રવાસો કર્યા હતો સાગઠીયા આ વિદેશ પ્રવાસો કોની સાથે કર્યા હતા તે બાબતે તેની એસીબીએ પૂછપરછ કરશે.

## જો સાગઠીયા મોઢુ ખોલે તો અનેક નેતાઓના તપેલા ચડી જાય

પૂવ ટી.પી.ઓ મનસુખ સાગઠીયા સામે એ.સી.બી.એ ગુન્હો નોંધયો છે. આ રૂપીયા તે કોની પાસેથી મેળવ્યા તે હવે બહાર આવી શકે. મનસુખ સાગઠીયા જો મોઢુ ખોલે તો અનેક રાજકીય નેતાઓના તપેલા ચઢી જાય

**(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)**

રાજકોટ તા.૨૦

શહેરના નાના મવા રોડ મોકાજી સર્કલ પાસેના ટીઆરપી ગેમઝોનની અગ્નિકાંડ દુર્ઘટનામાં સંડોવાયેલ રાજકોટ મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ ઓફિસર, વર્ગ-૧, મનસુખભાઈ ધનાભાઇ સાગઠીયા, વિરૂધ્ધ લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા અપ્રમાણસર મિલકતનો ગુનો દાખલ થયો છે.

ક્રાઈમ બ્રાન્ચના ગુનામાં રિમાન્ડ પર રહેલા સાગઠિયાની રિમાન્ડ આવતા સોમવારે પુરી થયે એસીબી કબજો મેળવી ધરપ્પકડ કરશે. એસીબી દ્વારા તા.૦૧/૦૪/૨૦૧૨થી તા.૩૧/૦૫/૨૦૨૪ના સમયગાળાના ચેક પિરીયડ દરમ્યાન તેના દ્વારા વસાવવામાં આવેલ મિલકતોની તપાસ હાથ ધરવામાં આવેલ. તપાસ દરમ્યાન મેળવવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ તથા બેંક ખાતાઓની વિગતો અને વિવિધ સરકારી કચેરીઓમાંથી મેળવેલ દસ્તાવેજી માહિતી તથા તેમના નાણાંકીય વ્યવહારોની માહિતી એકત્રીત કરવામાં આવેલ. તપાસના અંતે મળેલ તમામ વિગતોનું એ.સી.બી.ના નાણાંકીય સલાહકાર દ્વારા વિશ્લેષણ કરવામાં આવેલ.

આક્ષેપીતે પોતાની કાયદેસરની ફરજ દરમ્યાન પોતાના જાહેર સેવક તરીકેના હોદાનો દુરૂપયોગ કરી, ઈરાદાપૂર્વક ગેરકાયદેસર રીતે પોતે ધનવાન થવા માટે, વિવિધ ભ્રષ્ટ રીત રસમો અપનાવી, ભ્રષ્ટાચારથી નાણા મેળવી, તે નાણાંનો ઉપયોગ કરી પોતાના તથા આશ્રીતોના નામે મિલકતમાં રોકાણ કરેલાનું પ્રાથમિક દ્રષ્ટીએ ફલિત થયેલ છે. આક્ષેપીતે પોતાની કાયદેસરની આવક રૂ.૨,૫૭,૧૭,૩૫૯ (બે કરોડ સતાવન લાખ સતર હજાર ત્રણસો ઓગણ સાંઇઠ)ના પ્રમાણમાં પોતાના તથા પોતાના પરિવારજનોનાં નામે કુલ રોકાણ અને ખર્ચ રૂ.૧૩,૨૩,૩૩,૩૨૩ (તેર કરોડ તેવીસ લાખ તેત્રીસ હજાર ત્રણ સો ત્રેવીસ) કરેલાનું તપાસ દરમ્યાન ફલિત થયેલ છે. આમ, આક્ષેપીતે પોતાની કાયદેસરની આવકના પ્રમાણમાં રૂ. ૧૦,૫૫,૩૭,૩૫૫/- (દસ કરોડ પંચાવન લાખ સાડત્રીસ હજાર ત્રણ સો પંચાવન )ની વધુ સંપતિ વસાવેલાનું જણાઈ આવેલ છે જે તેઓની આવકના પ્રમાણમાં ૪૧૦.૩૭% થી વધુ અપ્રમાણસર મિલકતો છે. આ કામે સમગ્ર પ્રાથમિક તપાસ કરનાર અધિકારી શ્રી જે.એમ.આલ, ફિલ્ડ પોલીસ ઈન્સ્પેકટર, એ.સી.બી. રાજકોટ એકમ, રાજકોટ નાઓએ સરકાર તરફે ફરિયાદી તરીકે રાજકોટ શહેર એ.સી.બી. પો.સ્ટે. માં ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૮ (સુધારા- ૨૦૧૮)ની કલમ-૧૩(૧)બી, ૧૩(૨) મુજબનો ગુનો આક્ષેપીત વિરૂધ્ધ નોંધાવેલ છે.

આ ગુનાની આગળની તપાસ રાજકોટ એકમના મદદનીશ નિયામક કે.એચ.ગોહિલના સુપરવિઝન હેઠળ સુરેન્દ્રનગર એ.સી.બી. પોલીસ ઈન્સ્પેકટર એમ.એમ.લાલીવાલાને સોંપવામાં આવેલ છે.

# રાજકોટ : લેન્ડગ્રેબીંગના ત્રણ કેસમાં FIR દાખલ કરવા આદેશ



રાજકોટ તા.૨૦

રાજકોટ કલેકટર કચેરી ખાતે કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને યોજાયેલ લેન્ડગ્રેબીંગ કમીટીની ખાસ બેઠકમાં ત્રણ કેસોમાં પોલીસ ફરિયાદ (એફ.આઈ.આર.) દાખલ કરવા આદેશ આપવામાં આવેલ છે.

આ ત્રણેય કેસો રાજકોટના ગ્રામ્ય વિસ્તારના અને ખાનગી જમીનો પર પેશકદમી વાળા હોવાનું જાણવા મળ્યું છે. લેન્ડગ્રેબીંગ કમીટીની આ બેઠકમાં ૬૯ જેટલા કેસો હિયરીંગમાં મુકવામાં આવેલ હતા જેમાંથી ૧૩ કેસોમાં સમાધાન થવા પામેલ હતું.

વધુ તપાસની જરૂર જણાતા અન્ય બે કેસમાં ફેર તપાસનો હુકમ કરવામાં આવેલ હતો જયારે બાકીના કેસો દફતરે કરવામાં આવેલ હતા.

આ બેઠકમાં જિલ્લા પોલીસ વડા જયપાલસિંહ રાઠોડ, પ્રાંત અધિકારીઓ, ડે.કલેકટરો સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અહી એ ઉલ્લેખનીય છે કે જિલ્લાના લેન્ડગ્રેબીંગના મોટાભાગના કેસોનો લેન્ડગ્રેબીંગ કમીટી દ્વારા નિકાલ કરી દેવામાં આવેલ છે.

# ઓવર સ્પિડ કારે વાહનોને લીધા અડફેટ

## કાર ચાલકે એક કાર અને બે બાઇકને પહોંચાડ્યું નુકસાન

## સદનસીબે ઘટનામાં કોઈ જાનહાની નહીં





તસવીર : દિલીપ ગોહેલ

રાજકોટ તા.૨૦

શહેરના સુભાષનગર રોડ પર આજે તથ્યવાળી થતા રહી ગઈ હતી.કાર ચાલકે પંચર હતુ તેમ છત્તા બેદરકારી રીતે કાર હંકારી વાહનોને અડફેટે લીધા અને લોકોના જીવને જોખમમાં મૂક્યા હતા,ચુડાસમાં પ્લોટ વિસ્તારમાં આ ઘટના બની હતી,પોલીસે ઘટના સ્થળે પહોંચીને કાર ચાલકની અટકાયત કરી હતી અને વધુ તપાસ હાથધરી હતી.

રાજકોટમાં કાર ચાલકે આજે ગફલતભરી રીતે કાર હંકારી લોકોના જીવ તાળવે ચોંટાડયા હતા.કાર એટલી સ્પીડમાં હતી કે,તેણે વાહનોને પણ નુકસાન પહોંચાડયુ હતુ.સ્થાનિકોનો આક્ષેપ છે કે,જો કાર એટલી સ્પીડમાં હતી કે જો કોઈ વ્યકિતને અડફેટે લીધા હોત તો તેમનું ઘટના સ્થળે જ મોત થયું હતુ.પોલીસે પણ સીસીટીવી મેળવી કાર ચાલકની પૂછપરછ કરી છે.કારમાં પંચર હતુ તેમ છત્તા કાર ચલાવવામાં આવતી હતી.




# શહેરના ભયજનક મકાન પર કોઇપણની શેહશરમ રાખ્યા વગર કાર્યવાહી કરવા આદેશ

## અધિકારીઓને કાર્યવાહી કરવાની સુચના આપતા જયમીન ઠાકર



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૨૦

મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઇ ઠાકરના અધ્યક્ષસ્થાને મહાનગરપાલિકા હસ્તકના જુદા-જુદા વિભાગના અધિકારીઓની બેઠક યોજવામાં આવેલ. જેમાં આગામી વર્ષાૠતુને અનુલક્ષીને આપત્તિ સામેની બચાવ અને રાહત કામગીરીની વ્યવસ્થા અંગેની સમીક્ષા માટે ડ્રેનેજ શાખા, બાંધકામ શાખા, વોટર વર્કર્સ શાખા, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ શાખા, આરોગ્ય શાખા, રોશની વિભાગ, ગાર્ડન શાખા, પ્રોજેક્ટ શાખા અને મધ્યાહન ભોજન અને ફૂડ વિભાગ, જી.એ.ડી. શાખા, શાળા બોર્ડ, ટાઉન પ્લાનીંગ શાખા, સુરક્ષા વિભાગ, સેન્ટ્રલ વર્કશોપ વિભાગ, જગ્યા રોકાણ તથા માર્કેટ વિભાગ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા સહિતના વિભાગના અધિકારીઓ સાથે હાલની કામગીરીની સમિક્ષા માટે બેઠક યોજવામાં આવેલ હતી.

આ બેઠકમાં નાયબ મ્યુનિ. કમિશનરઓ સ્વપિનલ ખરે, ચેતન નંદાણી અને એચ. આર. પટેલ, સેક્રેટરી ,એચ. પી. રૂપારેલીઆ, વગેરે અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ બેઠકમાં, જુદીજુદી શાખાઓ દ્વારા પ્રિમોન્સૂન કામગીરી અને ખાસ કરીને આપત્તિ વ્યવસ્થાપન લગત થયેલ કામગીરી તેમજ હવે પછીના આયોજન અંગેની સમીક્ષા કરી ચેરમેન જયમીનભાઇ ઠાકર દ્વારા સંબંધિત અધિકારીઓને જરૂરી સુચનાઓ આપવામાં આવેલ, જેમાં તમામ વિભાગને વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને હાલ ચાલી રહેલી કામગીરીનું શેડ્યુલ તૈયાર કરી શહેરનાં નીચાણવાળા વિસ્તારો, મંદિરો, બાગ-બગીચા, આવાસ યોજના, શાળાઓ, સહિત તમામ જાહેર સ્થળોએ આપત્તિ સામેની બચાવ અને રાહત કાર્યની વ્યવસ્થાની સમીક્ષા માટે ચકાસણી ઝુંબેશ હાથ ધરવા, સમગ્ર વર્ષાૠતુ દરમ્યાન નિયમિતપણે ચકાસણી અને નિયમીતપણે સમીક્ષા થતી રહે, વગેરે બાબતોએ લગત વિભાગને સજ્જ રહેવા પણ અધિકારીઓને જરૂરી સુચના આપવામાં આવેલ.ચેરમેન જયમીનભાઇ ઠાકરે શહેરમાં જ્યાં ક્યાંય પણ ભયજનક મકાન, હોર્ડિંગ બોર્ડ હોય તો તેવા કિસ્સામાં કોઈપણની શેહશરમ રાખ્યા વગર કાયદા મુજબ જે કાંઈ કાર્યવાહી કરવાની થતી હોય તે તાત્કાલિક ધોરણે હાથ ધરવા જે તે અધિકારીઓને ખાસ સૂચના આપી હતી.

શહેરમાં વરસાદી પાણીનો અવરોધ વગર નિકાલ થાય તે માટે વોંકળાઓની સફાઈની કામગીરી ચાલી રહી છે અને બાકી રહેલી કામગીરી સત્વરે પૂર્ણ કરવા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને સૂચના આપવામાં આવી હતી. સાથોસાથ સ્ટોર્મ વોટર ડ્રેનેજ સ્ક્રીન ચેમ્બર, ડ્રેનેજ મેનહોલ, વગેરેની સફાઈ, જે સ્થળે વરસાદી પાણી ભરાતું હોય તે સ્થળેથી પાણીનો નિકાલ કરવા માટે ડીવોટરીંગ પંપ તૈયાર રાખવા, ચોમાસાના સમયગાળા દરમ્યાન આરોગ્ય શાખા દ્વારા લોકોને પ્રાથમિક સારવાર અને દવા મળી રહે તે સુનિશ્ચિત કરવા, મેલેરિયા શાખા દ્વારા મેલેરિયા અને ડેન્ગ્યુ જેવા રોગ બાબતે લોકોને જાગૃત કરવા માટે જનજાગૃતિ અંગેની કામગીરી કરવા, શહેરમાં જો ક્યાંય ભયજનક વૃક્ષો જોવા મળે તો તેને સત્વરે દૂર કરવા જરૂરી પગલાં લેવા પણ સૂચના આપવામાં આવી હતી.

આ ઉપરાંત ભારે વરસાદ દરમ્યાન નીચાણવાળા વિસ્તારોનાં અસરગ્રસ્ત લોકોનું સ્થળાંતર કરવા માટેની આગોતરી તૈયારી પૂર્ણ કરી લેવા સંબંધિત અધિકારીઓને જણાવવામાં આવેલ હતું.આ બેઠકમાં ત્રણેય ઝોનના નાયબ કમિશનરઓ, મદદનીશ કમિશનરઓ, ત્રણેય ઝોનના સીટી એન્જીનીયરઓ, એડીશનલ સીટી એન્જી. રોશની, એડીશનલ સીટી એન્જી.ડ્રેનેજ, ચીફ ફાયર ઓફિસર, ફાયર સ્ટેશન ઓફિસરઓ, ટી.પી.ઓ., સુરક્ષા અધિકારી, પર્યાવરણ ઈજનેર, નાયબ પર્યાવરણ ઈજનેરઓ, આરોગ્ય અધિકારી, નાયબ આરોગ્ય અધિકારીઓ, શાસનાધિકારી, ડે.એન્જીનીયર-વર્કશોપ, એન્ક્રોચમેન્ટ ઓફિસર, તમામ વોર્ડ ઓફિસરઓ, વોર્ડ ઈજનેરઓ, સેનીટરી ઈન્સપેક્ટરઓ, પાર્ક એન્ડ ગાર્ડન ડાયરેક્ટર, ડેઝીગ્નેટેડ ઓફીસર-ફૂડ, મેનેજર-પ્રોજેક્ટ, મેનેજર-જી.એ.ડી., સહિતના અધિકારીઓ હાજર રહેલ.ચેરમેન જયમીનભાઇ ઠાકરે શહેરમાં જ્યાં ક્યાંય પણ , હોર્ડિંગ બોર્ડ હોય તો તેવા કિસ્સામાં કોઈપણની શેહશરમ રાખ્યા વગર કાયદા મુજબ જે કાંઈ કાર્યવાહી કરવાની થતી હોય તે તાત્કાલિક ધોરણે હાથ ધરવા જે તે અધિકારીઓને ખાસ સૂચના આપી હતી. તેમ જણાવ્યુ છે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.